जैन साईट

JAINSITE.com

જૈનમ્ જયતિ શાસનમ્

# JAINSITE E-BOOKS LITERATURE

## JAIN HISTORY • JAIN GRANTH • JAIN SUTRA
## JAIN VIDHI • JAIN STORY • JAIN ASTROLOGY

**And Many More Books in Gujarati, Hindi & English**

જૈનસાઇટ ઈ-બુક્સ લિટરેચર ના સંપુર્ણ લાભાર્થી

**શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)**

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ,
(જુના નાગરદાસ રોડ), અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.





www.jainsite.com

Blessings : **P. P. PANYAS SHREE NIPUNCHANDRA VIJAYJI M. S.**

Inspired by : **MUNI BHAGYACHANDRA VIJAYJI M. S.**

Created by : nikhil sambhav NEVER STOP

E-mail: info@jainsite.com • Tel.: 09867711171

।। ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

## જૈન ઈ-બુક્સ ના સંપુર્ણ લાભાર્થી

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)



॥ ॐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

ટ્રસ્ટની નોંધણી નં. F-4210 (BOM)
સોસાયટીની નોંધણી નં. Bombay 381/1976 G.B.B.S.D.

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ, (જુના નાગરદાસ રોડ),
અંધેરી (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ०६૯.

## પ્રસ્તાવના

અનેક પરમોપકારક આચાર્ય દેવ જ્ઞાની, તપસ્વી મુનિરાજ, સેવાભાવી સાધ્વીજી ભગવંતોના અદ્વિતિય–અદ્‌ભૂત–અવર્ણનીય આશિર્વાદથી તથા મહાપવિત્ર મંત્રોચ્ચાર અને વિધિ વિધાન દ્વારા સ્થાપિત આકર્ષક અલૌકિક અનેરૂ અને મનમોહક ૨૩મા ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી મનોરમ્ય, નેત્ર દિપક લાવણ્યમય પ્રતિમાજીને મૂળનાયક તરીકે બિરાજમાન કરેલ દેવવિમાન તુલ્ય તીર્થસમ જિનાલય એટલે મારૂં–તમારૂં અને આપણા સહુનુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનું શિખરબંધી જિનાલય તથા ધીર–વીર–ગંભીર–સરળ–ભક્તિ–ધાર્મિક પાપભીરૂ દાનવીર અને ઉત્તમોત્તમ શ્રાવક–શ્રાવિકાઓથી બનેલો ૨૫મા તીર્થંકર તરીકે ઓળખાતો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ, અંધેરી (પૂર્વ) એટલે અમારો શ્રી અને સરસ્વતીથી સભર બનેલો વિનયી–વિવેકી અને ગુરૂભગવંતોનો કૃપાપાત્ર બનેલ ચારે તરફ એ દશે દિશાઓમાં જૈનમ્ જયતિ શાસનમ્ ની યશોગાથા નો વિજયઘોષ ૧૪ રાજલોકમાં ગુંજતો કરનાર એટલે અમારો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ અંધેરી (પૂર્વ) અનેક નાના મોટા ધાર્મિક અનુષ્ઠાનો કરનાર શ્રી સંઘોને મદદરૂપ બનનાર, અનેક પાંજરાપોળોને સહાયભૂત થનારો અનેક સાધુ–સાધ્વીજી ભગવંતોના વૈયાવચ્ચમાં સદાય અગ્રેસર, ગૃહ જિનાલયમાંથી શરૂ થયેલ આજે ઉત્તુંગ ગગનચુંબી આકર્ષક શિખરબદ્ધ જિનાલય જેમાં દેવ–દેવીઓની દેવકુલિકાઓ શોભી રહી છે. શ્રી સંઘમાં કાયમી આયંબિલ ખાતુ–બે બે પાઠશાળાઓ, જ્ઞાનભંડાર એટલે શ્રી સંઘ શક્તિનું નમૂનેદાર નજરાણું કહેવાય.

યુગદિવાકર પ. પૂ. ઉપકારી ગચ્છના નાયક આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા. ની શુભ પ્રેરણા માર્ગદર્શક તથા તેમની શુભ નિશ્રામાં નિર્મિત અને સ્થાપિત શ્રી જિનાલય તથા પ. પૂ. શતાવધાની આ. ભ. શ્રી જયાનંદસૂરીજીની પ્રેરણાથી તા. ૪–૪–૧૯૭૬ માં શ્રી સંઘની સ્થાપનાના સુંદર વિચારોનું બીજ આજે ઘેઘુરો ઘટાદાર વૃક્ષ સમાન બન્યો છે. ચમત્કારી અને અલૌકિક મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરીને જૈન–જૈનતરોની ઇચ્છાઓ ફળીભૂત થઈ છે.

નિસહાય–અબોલ બનેલા ઢોરોની અને પાંજરાપોળોને અમારા શ્રી સંઘે ઉદાર હાથે મદદ કરી છે તથા હાલમાં કેળવણી ક્ષેત્રે, મેડીકલ ક્ષેત્રે, સાધર્મિક ક્ષેત્રે, અનુકંપા ક્ષેત્રે પણ શ્રી સંઘની જ એક શાખા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ફાઉન્ડેશન દ્વારા આર્થિક સહાય ચાલુ છે.

**શ્રી શ્વે. મૂ. જૈન સંઘ વતી**

પ્રમુખ

ॐ ह्रीँ श्रीँ अर्हं नमः ।
श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।
नमो नमः श्रीगुरुप्रेमसूरये ।

# ૠષભ જિનરાજ મુજ આજ દિન અતિભલો

પ.પૂ.વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત

**શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી**

**મહારાજા**

● પ્રકાશક ●
*સંઘવી અંબાલાલ રતનચંદ*
જૈન ધાર્મિક ટ્રસ્ટ, ખંભાત.

● સ્થાપક ●
*શ્રાદ્ધવર્યા મૂળીબેન અંબાલાલ શાહ*
સં. ૨૦૬૪ મૂલ્ય : રૂા.૧૦



● પ્રાપ્તિસ્થાન ●

- **હેમ બી. એ. શાહ એન્ડ બ્રધર્સ**
  ૨, અરિહંત એપાર્ટમેન્ટ, એસ. વી. રોડ, ઈર્લા, પાર્લા (વેસ્ટ), મુંબઈ--૫૬ ફોન : ૨૬૨૫૨૫૫૭
- **પી.એ.શાહ જ્વેલર્સ**
  ૧૧૦, હીરાપન્ના, હાજીઅલિ, મુંબઈ-૨૬.
  ફોન : ૨૩૫૨૧૧૦૮, ૨૩૬૭૧૨૩૯
- **દિલીપ રાજેન્દ્રકુમાર શાહ**
  ૬, નંદિત એપાર્ટમેન્ટ, ભગવાનનગરનો ટેકરો, પાલડી, અમદાવાદ-૭. ફોન : ૨૬૬૩૯૧૮૯
- **શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**
  **C/O. ચંદ્રકાંત એસ. સંઘવી**, ૬/બી, અશોકા કોમ્પલેક્ષ, રેલ્વે ગરનાળા પાસે, પાટણ-૩૮૪૨૬૫ ફોન : ૨૩૧૬૦૩
- **ડૉ. પ્રકાશભાઈ પી. ગાલા**
  બી/૬, સર્વોદય સોસાયટી, સાંઘાણી એસ્ટેટ, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર, (વેસ્ટ) મુંબઈ-૮૬.
  ફોન : ૨૫૦૦૫૮૩૭
- **મૂળીબેન અંબાલાલ રતનચંદ જૈન ધર્મશાળા**
  બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, વિરમગામ.

Printed by : **SHREE PARSHVA COMPUTERS**,
58, Patel Society, Jawahar Chowk, Maninagar, A'bad-8. Tel.25460295



जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

## ✍......પ્રકાશકીય

મહોપાધ્યાય યશોવિજયજી મ. એટલે જૈનશાસનના ઝળકતાં કોહિનૂર હીરા... ગુરુની કૃપા, તીવ્ર ક્ષયોપશમ, કુશાગ્રબુદ્ધિ, નિર્મળ ચારિત્ર, શાસન પરનો અવિચલ રાગ આ બધા સંયોગો દ્વારા એમણે વિશાળ સાહિત્યનું સર્જન કર્યુ, આગમોના વિશદ અર્થોને પ્રકટ કર્યા, અનેક ન્યાયગ્રંથોના સર્જન કર્યા. કર્મપ્રકૃતિ વગેરે ગ્રંથોની પણ ટીકાઓ રચી. યોગગ્રંથના પણ વિવેચન કર્યા. લગભગ એકપણ વિષયને તેમણે છોડ્યો નથી. સંસ્કૃત-પ્રાકૃત-ન્યાય-યોગ વગેરે સઘળા વિષયોના વિશારદ હતા. સંસ્કૃત-પ્રાકૃત ભાષામાં અનેક ગ્રંથો તો રચ્યા પણ સામાન્ય જનતાને શાસ્ત્રના રહસ્યો જાણવા મળે તે માટે ગુજરાતીમાં સવાસો ગાથાના, દોઢસો ગાથાના વગેરે સ્તવનો રચ્યા તેમાં પણ અનેક શાસ્ત્ર રહસ્યોને પ્રગટ કર્યા. તેથી પણ આગળ વધીને બાળજીવોને પણ ભક્તિયોગમાં ઉલ્લાસ વધે તે માટે ભક્તિ ભરપૂર અને અદ્ભુત શબ્દાલંકારોથી ભરેલ નાના-નાના સરળ સ્તવનો



પણ રચ્યા. જૈનસંઘ પર તેમણે કરેલો ઉપકાર હંમેશ માટે અવિસ્મરણીય રહેશે.

અહિં તેઓએ રચેલા ૠષભદેવ પ્રભુના એક સ્તવન જેનો પ્રારંભ **"ૠષભ જિનરાજ મુજ આજ દિન અતિ ભલો"** પંક્તિથી થાય છે તે નવ ગાથાના સ્તવન પર પૂ.ગુરુદેવશ્રી આચાર્યદેવ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે વિવેચન લખ્યુ છે. તેઓને આ સ્તવન અતિપ્રિય છે અને અનેકવાર પ્રભુ સન્મુખ બોલતા અંતરમાં જે ભાવો પ્રગટ થયેલ છે તેને સુવિસ્તૃત રજૂ કરતો આ તેઓનો પ્રયત્ન છે. પ્રભુ ભક્તિનો ઉલ્લાસ વધે પરમાત્મા પ્રત્યે આદર, બહુમાન વધે તેવી અનેકવાતો પ્રસ્તુત વિવેચનમાં રજૂ કરાયેલ છે. આ વિવેચન વાંચવાથી અને આ સ્તવન ગોખીને તૈયાર કરી પ્રભુ આગળ ગાતા ખૂબ સારા ભક્તિના ભાવો અંતરમાં પ્રગટશે. માટે સૌ કોઈ સ્તવન પરના આ વિવેચનને ચિંતનપૂર્વક વાંચશો તથા સ્તવન પણ તૈયાર કરી ઉલ્લાસથી પ્રભુ આગળ ગાજો અને તે દ્વારા સમ્યક્ત્વ પામી-નિર્મળ કરી, જ્ઞાન-

ચારિત્રની સાધનામાં આગળ વધી અક્ષય અનંતસુખને પામો એ જ શુભાભિલાષા.

શ્રુતભક્તિનો વિશેષ લાભ મળતો રહે એ જ એક માત્ર શ્રુતાધિષ્ઠાયિકા સરસ્વતી દેવીને પ્રાર્થના.

લી.

**સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ**

**• ટ્રસ્ટીઓ •**

તારાચંદ અંબાલાલ શાહ, ધરણેન્દ્ર અંબાલાલ શાહ,
પુંડરિક અંબાલાલ શાહ, મુકેશ બંસીલાલ શાહ,
ઉપેન્દ્ર તારાચંદ શાહ.



## 'ઋષભ જિનરાજ મુજ આજ દિન અતિ ભલો'

ઋષભ જિનરાજ મુજ આજ દિન અતિ ભલો,
ગુણનીલો જેણે તુજ નયણ દીઠો,
દુઃખ ટળ્યાં, સુખ મળ્યાં, સ્વામિ તુજ નિરખતાં,
સુકૃત સંચય હુઓ, પાપ નીઠો. ઋષભ૦ ૧
કલ્પશાખી ફળ્યો, કામઘટ મુજ મળ્યો,
આંગણે અમિયનો મેહ વુઠ્યો,
મુજ મહીરાણ મહી ભાણ તુજ દરિસણે,
ક્ષય ગયો કુમતિ અંધાર જુઠો. ૨
કવણ નર કનકમણિ છંડી તૃણ સંગ્રહે ?
કવણ કુંજર તજી કરહ લેવે ?
કવણ બેસે તજી કલ્પતરુ બાઉલે ?
તુજ તજી અવર સુર કોણ સેવે ? ૩
એક મુજ ટેક સુવિવેક સાહિબ સદા,
તુજ વિના દેવ દૂજો ન ઈહું,
તુજ વચનરાગ સુખસાગરે ઝીલતો,
કર્મભર ભ્રમથકી હું ન બીહું. ૪
કોડી છે દાસ વિભુ ! તાહરે ભલભલા,
માહરે દેવ તું એક પ્યારો,



જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

પતિતપાવન સમો જગત ઉદ્ધારક,
મહેર કરી મોહે ભવજલધિ તારો. ૫
મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી,
જેહશું સબલ પ્રતિબંધ લાગો,
ચમકપાષાણ જિમ લોહને ખેંચશે,
મુક્તિને સહજ તુજ ભક્તિ રાગો. ૬
ધન્ય તે કાય જેણે પાય તુજ પ્રણમીયા,
તુજ થુણે જેહ ધન્ય ધન્ય જિહા,
ધન્ય તે હૃદય જેણે તુજ સદા સમરતાં,
ધન્ય તે રાત ને ધન્ય દીહા. ૭
ગુણ અનંતા સદા તુજ ખજાને ભર્યા,
એક ગુણ દેત મુજ શું વિમાસો
રયણ એક દેત શી હાણ રયણાયરે,
લોકની આપદા જેણે નાસો. ૮
ગંગ સમ રંગ તુજ કીર્તિ કલ્લોલિની,
રવિ થકી અધિક તપ તેજ તાજો,
શ્રી નય વિજય વિબુધ સેવક હું આપનો
**જસ** કહે અબ મોહે બહુ નિવાજો. ૯



• દિવ્ય આશીષ •

પરમગુરુદેવ સિદ્ધાંતમહોદધિ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય

**પ્રેમસૂરીશ્વરજી મહારાજા**

પ્રગુરુદેવ ન્યાયવિશારદ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય

**ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**

ગુરુદેવ પંન્યાસજી **પદ્મવિજયજી ગણિવર્ય**

• શુભાશીષ •

પૂજ્યપાદ સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય

**જયઘોષસૂરીશ્વરજી મહારાજા**

અમારા કુટુંબમાંથી પ્રવ્રજ્યા પ્રાપ્ત કરી કુળ ઉજ્જવળ કરનાર
**પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.**
**પૂજ્યપાદ પ્રવર્તિની શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.**
**પૂજ્યપાદ સાધ્વીજી શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ.સા.**
**પૂજ્યપાદ સાધ્વીજી શ્રી દિવ્યયશાશ્રીજી મ.સા.**
સહુ પૂજ્યોના ચરણોમાં ભાવભરી વંદના

*ઋષભ જિનરાજ મુજ આજ દિન અતિ ભલો,*
*ગુણનીલો જેણે તુજ નયણ દીઠો;*
*દુઃખ ટળ્યા સુખ મળ્યા સ્વામી તુજ નિરખતા,*
*સુકૃત સંચય હુઓ પાપ નીઠો...।।૧।।*
*ઋષભ૦...*

**શબ્દાર્થ :** હે ઋષભ જિનરાજ ! આજનો મારો દિવસ અતિ સુંદર છે. ગુણસમૃદ્ધ એવા આપને મેં ચક્ષુથી જોયા. તમને જોતા જ મારા દુઃખ ટળી ગયા, સુખ મળ્યા, સુકૃતોનો સંચય થયો અને પાપ નાશ પામ્યા.

**વિશેષાર્થ :** મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજા પ્રભુ ઋષભદેવની સ્તવના કરી રહ્યાં છે, પ્રભુના દર્શન કરતાં તેમના હૃદયમાંથી ઉદ્ગાર નીકળી જાય છે.

હે પ્રભુ ઋષભદેવ જિનેશ્વર ભગવંત, આજે મારો દિવસ અત્યંત સુંદર છે કેમકે ગુણથી સમૃદ્ધ એવા આપને મેં મારી આંખોથી દીઠા... અર્થાત્ મારા નયનોએ આપના દર્શન કર્યા.



જે દિવસે પ્રભાતમાં જ પ્રભુના દર્શન થાય છે તે દિવસ અત્યંત મંગલ થઈ જાય છે એટલે આ પંક્તિ બોલતાં આપણને પણ આપણો આજનો દિવસ અત્યંત મંગલ થઈ જવાની લાગણી થવી જોઈએ.

પંક્તિના પ્રત્યેક પદોના પણ આપણા હૈયામાં ઉછળતાં ભક્તિભાવપૂર્વક ઉદ્ગાર નીકળવા જોઈએ.

“ઋષભ જિનરાજ” ઋષભ પ્રભુ પ્રથમ તીર્થંકર છે. તીર્થંકરોના નામ પણ અતિપવિત્ર છે, અતિ પ્રભાવશીલ છે. **ભાવપૂર્વક બોલાતું-જપાતું પ્રભુનું નામ અનંત અશુભકર્મોના સ્કંધોને આત્મ ઘરમાંથી નિર્જરિત કરી નાંખે છે.** (દૂર કરે છે, નાશ કરે છે) સ્વ. પરમગુરુદેવ પ્રેમસૂરીશ્વરજી મહારાજાને છેલ્લી અવસ્થામાં હાર્ટ–એટેક આવતાં પોતાનો અંતિમકાળ ખ્યાલમાં આવતા જ મુખમાંથી “વીર... વીર...”ના શબ્દો નીકળ્યા. આગમમાં પણ કહ્યું છે, **“महाफलं खलु तहारुवाणं अरिहंताणं भगवंताणं नामगोयस्स वि सवणयाए।।”**



જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

તથા પ્રકારના અરિહંત ભગવંતોના નામગોત્રનું શ્રવણ પણ અત્યંત ફળદાયી છે. એટલે હર્ષપૂર્વક દેવાધિદેવના નામનો ઋષભ શબ્દ બોલતાં પણ આપણે મહાન લાભને પ્રાપ્ત કરી શકીએ છીએ.

ઘણી–ઘણી પુણ્યરાશિ એકઠી થાય ત્યારે પ્રભુના નામનું ભાવપૂર્વક આપણે ઉચ્ચારણ કરી શકીએ છીએ. દુનિયાના લોકો પણ પોતાને જેના પર રાગ છે તેના નામ કેટલી બધી ઉત્કંઠાથી કેટલા બધા પ્રેમથી યાદ કરે છે. અરે ! સાંભળવા મળતાં જ આનંદવિભોર બની જાય છે. વળી અરિહંત પરમાત્માના નામો તો પવિત્ર મંત્રાક્ષર છે. એનામાં એટલી બધી તાકાત છે કે વિઘ્નોના સમૂહને વિદારી નાખે છે. જગતને પવિત્ર કરે છે. કલિકાલ સર્વજ્ઞ આ. હેમચંદ્રસૂરિ મહારાજા પણ સકલાર્હત્ સ્તોત્રના પ્રારંભમાં જ જણાવે છે

**“नामाकृतिद्रव्यभावैः पुनतस्त्रिजगज्जनं।**
**क्षेत्रे काले च सर्वस्मिन्नर्हतः समुपास्महे।।”**



નામ–સ્થાપના–દ્રવ્ય અને ભાવ નિક્ષેપાથી ત્રણ જગતના જીવોને પવિત્ર કરી રહેલ સર્વક્ષેત્ર–સર્વકાળના તીર્થંકરોની અમે ઉપાસના કરીએ છીએ.

ત્રણ જગતના સર્વ જીવોને પ્રભુનું નામ પવિત્ર કરી રહેલ છે. આવું પ્રભુનું નામ આપણી જીભ પર આવે એ કેટલું બધું સૌભાગ્ય ? એટલે ‘ઋષભ જિનરાજ’ શબ્દો મુખમાંથી નીકળતી વખતે આપણું હૃદય અત્યંત ઉલ્લાસિત થઈ જવુ જોઈએ. આપણા રોમાંચ વિકસ્વર થવા જોઈએ.

હવે કવિ આગળ કહે છે **“મુજ આજ દિન અતિ ભલો, ગુણનીલો જેણે તુજ નયન દીઠો.”**

આજનો મારો દિવસ અત્યંત મહાન થયો, શા કારણે ? તો કહે છે ‘‘ગુણનીલો જેણે તુજ નયણ દીઠો” ગુણથી ભરપુર એવા તમને મેં મારા ચક્ષુથી જોયા એટલે મારા ચક્ષુ પવિત્ર થયા. મારો દિવસ સફળ થયો.

જૈનશાસનમાં જિનપ્રતિમાને જિનસરખી જ માની છે. એટલે આપને જોતાં સાક્ષાત્ પ્રભુના દર્શન જેટલો આનંદ થયો.

પ્રભુ કેવા છે તે બતાવ્યુ, "ગુણનીલો" પ્રભુ સર્વગુણોથી સંપન્ન છે. એક પણ ગુણ વિશ્વમાં એવો નથી જે પ્રભુમાં ન હોય અનંતગુણ સંપન્ન દેવાધિદેવ છે.

જેને ખાવાનું પણ ઠેકાણું નથી એવો દરિદ્રી ચક્રવર્તિને કેવી રીતે જુવે ? જોતાં તેને કેવા ભાવો થાય ?

અનંતદોષોથી ભરેલા એવા આપણને અનંત ગુણસંપન્ન પરમાત્માના દર્શનમાં અત્યંત આહ્લાદનો અનુભવ થવો જોઈએ.

પ્રભુના દર્શનથી શું લાભ થયો એ હવે બતાવે છે "**દુઃખ ટળ્યા સુખ મળ્યા સ્વામી તુજ નિરખતાં**" પ્રભુને જોવામાં એટલો બધો આનંદ છે કે દુઃખ બધા



જ વીસરાઈ ગયા છે, એટલું જ માત્ર નહિ પણ દુઃખો દૂર થઈ ગયા.

જન્મથી દરિદ્રીને કરોડો અબજોની સંપત્તિ મળતા કેટલો આનંદ થાય, જનમથી આંધળાને નિર્મળ ચક્ષુ પ્રાપ્ત થતાં કેટલો આનંદ થાય, વર્ષોથી વિરહના દુઃખમાં ઝુરતી સ્ત્રીને પતિ પ્રાપ્ત થતા કેટલો આનંદ થાય, અનંતકાળથી પ્રભુ વિના જગતમાં ચારગતિમાં પરિભ્રમણ કરતા જીવને પરમાત્મા મળતા આનાથી અનંતગુણ આનંદ થાય, કેમકે હવે પ્રભુ મળવાથી સંસારના ચાર ગતિમાં પરિભ્રમણ કરવાના, જન્મ મરણ-રોગ-શોક દરિદ્રતાદિ સઘળા દુઃખો હવે નાશ પામે છે. પરમાત્મા એટલા બધા મહાન છે કે પ્રભુના દર્શન ભાવપૂર્વક થવા માત્રથી દુઃખના કારણભૂત કર્મો નાશ પામે છે.

શુભાશુભકર્મોના તીવ્રરસબંધમાં કારણભૂત પ્રણિધાન છે. પ્રણિધાન એટલે ચિત્તની એકાગ્રતા, અત્યાર સુધી સંસારના પદાર્થોમાં ચિત્તની એકાગ્રતાથી જીવે પાર



जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

વગરના અશુભકર્મો તીવ્ર રસવાળા બાંધ્યા છે- હવે બરાબર તેથી વિપરીત પરમાત્માના દર્શનના પ્રશસ્ત પ્રણિધાનથી આ કર્મો બધા આત્મા પરથી ખરી પડે છે.

આનંદથી કરેલ વિજાતીયના રૂપના દર્શનથી કે આનંદથી ભોગવેલ પાંચે ઈન્દ્રિયોના વિષયોના ભોગથી કે આનંદથી કરેલ હિંસાદિ પાપોથી આત્માએ અશુભ-કર્મના થોક ભેગા કર્યા છે. હવે પરમાત્માના અત્યંત આનંદથી દર્શન કરતા અશુભ કર્મના થોક દૂર થાય છે અને શુભ પુણ્ય પ્રકૃતિઓ એકઠી થાય છે. પરિણામે દુઃખો બધા ટળી જાય છે અને ઉચ્ચકોટિના ચક્રવર્તી દેવેન્દ્રાદિપણાના સુખની પ્રાપ્તિ થાય છે આગળ જતા છેક સિદ્ધિના સુખ પ્રગટ થાય છે.

એક જ વાત મહત્ત્વની છે- પરમાત્માના દર્શનમાં આનંદ અનુભવતાં શીખો. કવિઓ અન્યત્ર પણ કહે છે-

*"ઋષભને જોઈ જોઈ હરખે જેહ*
*ત્રિભુવન લીલા પામે તેહ...."*



*"તુજ મુખ મુદ્રા નિરખી હરખુ*
*ચાતક જિમ જલધરને રે..."*
*"તુજ મૂરતિ નિરખે સો પાવે, સુખ જસ લીલ ઘણી.."*

જળના પ્યાસી ચાતકપક્ષી આકાશના વાદળને જોઈને આનંદ પામે છે. આત્મ સ્વરૂપનો પ્યાસી આપણો જીવ સંપૂર્ણ આત્મસ્વરૂપ પ્રગટ થયું છે જેમને અને સંપૂર્ણ આત્મસ્વરૂપ આપણું પ્રગટ થાય છે જેનાથી તેવા દેવાધિદેવને જોઈને આનંદ કેમ ન પામે ?

આ બહુ ઉત્તમ યોગ છે. પ્રભુ પ્રતિમાને જોયા જ કરો, જોયા જ કરો, જોઈ જોઈને હૃદયમાં આનંદ ઉત્પન્ન કરતા જાવ આગળ વધતા ઝુમો, નાચો, આનંદ પ્રગટ જે જે રીતે થતો હોય તે તે બધુ જ કરો...

પ્રભુ દર્શન-સ્તવના કરતા રાવણે તીર્થંકર નામકર્મ બાંધ્યુ. પ્રભુ પૂજન કરતા કરતા આનંદ અને પ્રણિધાનથી નાગકેતુએ કેવળજ્ઞાન લીધુ. પ્રભુપૂજા કરતા જયતાક (બહારવટીયો) કુમારપાળ થયો. અઢારદેશનો અધિપતિ

થયો. પરંપરાએ ગણધર થઈ મોક્ષે જશે. મહાવીર પ્રભુની પૂજા કરવા ફુલ લઈને આવતા હાથીથી કચરાયેલી ડોશી સ્વર્ગલોકમાં દેવ થઈ ત્યાંથી સમવસરણમાં પ્રભુ મહાવીરની પૂજા કરવા આવી.

શાસ્ત્રોમાં પ્રભુના દર્શન–સ્તવન પૂજનના અનેરા ફળો કહ્યા છે લાખો–કરોડો દ્રષ્ટાંતો પણ છે પ્રભુદર્શન–પૂજા વગેરેના ફળના અનુભવના...

કુમારપાળ–સ્તુતિમાં પણ કહ્યુ છે,

**"स्वामिन्निमग्नोऽस्मि सुधासमुद्रे, यन्नेत्रपात्रातिथिरद्य मेऽभूः।
चिन्तामणौ स्फूर्जति पाणिपद्मे, पुंसामसाध्यो नहि कश्चिदर्थः॥"**

સ્વામી ! આજે હું અમૃતના સમુદ્રમાં મગ્ન થઈ ગયો છું કેમકે મારી આંખો રૂપી પાત્રના આપ અતિથિ થયા છો. જેના હસ્તકમળમાં ચિંતામણી સ્ફુરાયમાન છે તેને કોઈ પણ કાર્ય અસાધ્ય નથી.

પ્રભુના દર્શનમાં કુમારપાળ મહારાજા અમૃતના સમુદ્રમાં મગ્ન થવા જેવું સુખ અનુભવે છે.



**चिंतामणिस्तस्य जिनेश ! पाणौ, कल्पद्रुमस्तस्य गृहाङ्गणस्थः।
नमस्कृतो येन सदाऽपि भक्त्या स्तोत्रैः स्तुतो दामभिरर्चितोऽसि ॥**

આનું જ કાવ્યમય ભાષાંતર પૂ. અમૃતસૂરિ મહારાજે કરેલ છે,

**"જે ભાગ્યશાળી આપને ભાવે નમે સ્તોત્રે સ્તવે,
ને પુષ્પની માળા લઈને પ્રેમથી કંઠે ઠવે,
તે ધન્ય છે કૃતપુણ્ય છે ચિંતામણી તેના કરે,
વાવ્યો છે પ્રભુ નિજકૃત્યથી સુરવૃક્ષને એણે ગૃહે."**

જે ભાગ્યશાળી પરમાત્માને ભાવથી નમે છે સ્તોત્રથી સ્તવે છે અને ભાવપૂર્વક પુષ્પની માળા લઈને કંઠે સ્થાપન કરે છે (અહિં અર્થાપત્તિથી આઠે પ્રકારની પૂજા કરે છે તેમ લઈ લેવાનું) તે ધન્ય છે, તે કૃતપુણ્ય છે.

ચિંતામણી તેના હાથમાં આવી ગયું.

ચિંતામણી એટલે ચિંતન કરવા માત્રથી ઇષ્ટ પદાર્થને આપનાર મણી.



जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

કલ્પવૃક્ષ તેના ઘરના આંગણામાં ઊભુ થઈ ગયું.

કલ્પવૃક્ષ : ઇચ્છિત વસ્તુને આપનાર વૃક્ષવિશેષ. પરમાત્માની ભક્તિના આવા અમોઘ ફળો છે. અરે ! પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ તો આગળ વધતા દાદાપાર્શ્વનાથ પ્રભુના સ્તવનમાં જણાવે છે.

***"ક્યા કરું ચિંતામણી સુરતરુકુ
જો મે પ્રભુસેવા પાઈ."***

અહીં કહેવાનું તાત્પર્ય છે કે ચિંતામણી–કલ્પવૃક્ષ પ્રાપ્ત થવાનું મહત્ત્વ શું ? મનને આનંદ થાય કે હવે ઇષ્ટ વસ્તુ પ્રાપ્ત થઈ શકશે.

પણ પ્રભુની સેવાથી તેનાથી અધિક આનંદ થતો હોય તો ચિંતામણી અને કલ્પવૃક્ષની પણ શી જરૂર છે?

લાખો કરોડો રૂપિયાથી સંપત્તિની પ્રાપ્તિ કરતા મોટું સામ્રાજ્ય મળે તો વધુ આનંદ થાય, તેના કરતાં પણ દેવોના કે દેવેન્દ્રના સુખમાં વધુ આનંદ આવે. તેવી રીતે **ચિંતામણીરત્ન-કલ્પવૃક્ષ કે દુનિયાની ઊંચામાં**



**ઊંચી ભૌતિક સામગ્રીના આનંદ કરતાં પણ પ્રભુ સેવા, પ્રભુ ભક્તિનો આનંદ અનંતગુણ છે.**

કવિ કહે છે આવી પ્રભુસેવા મળ્યા પછી સુરતરુ (કલ્પવૃક્ષ) કે ચિંતામણીને મારે શું કરવું છે ?

ક્યારેક ભક્તિના અતિરેકમાં કવિઓએ મુક્તિ કરતા પણ પ્રભુભક્તિને વિશેષ મહત્ત્વ આપી દીધુ છે આજ સ્તવનમાં આગળ બતાવે છે.

***"મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી
જેહશું સબળ પ્રતિબંધ લાગ્યો.
ચમક પાષાણ જિમ લોહને ખેંચશે
મુક્તિને સહજ તુજ ભક્તિ રાગો."***

પ્રભુ ! તારી ભક્તિનું મારા મનમાં મુક્તિથી પણ અધિક મહત્ત્વ છે.

મને ત્હારી ભક્તિનો સબળ પ્રતિબન્ધ લાગ્યો છે અર્થાત્ તારી ભક્તિ જોડે બળવાન લગાવ થઈ

ગયો છે. મુક્તિની મારે ચિંતા કરવાની જરૂર નથી, ચમક પાષાણ (લોહચુંબક) જેમ દૂર રહેલા લોખંડને ખેંચે છે, તેમ તારી ભક્તિ મુક્તિને સ્વાભાવિક જ ખેંચી લાવશે, અર્થાત્ તારી ભક્તિ પ્રાપ્ત થઈ ગયા પછી મુક્તિ માટે વધારે પુરુષાર્થ કરવાની જરૂર જ નથી. સ્વાભાવિક મુક્તિ ખેંચાઈને આવશે.

આથી પણ આગળ વધી કવિ ધનપાળ તો ઋષભપંચાશિકામાં "પ્રભુ ! તારી ભક્તિથી મુક્તિ અવશ્ય મળશે તેમાં શંકા નથી પરંતુ મુક્તિમાં તારી ભક્તિ નહીં મળે તેની મને મુંઝવણ છે.'' એમ વ્યથા રજૂ કરે છે.

એક સુંદર પ્રભુભક્તિના શ્લોકમાં તો ભક્ત મુક્તિને પણ નકારી કાઢે છે. તે તો એક માત્ર પ્રભુ ભક્તિની જ ઈચ્છા કરે છે.

''હે નાથ હું સ્વર્ગના સુખોની પ્રાર્થના કરતો નથી. હે નાથ ! હું નરકાદિના દુઃખોના નિવારણની



યાચના કરતો નથી. હે નાથ ! મારે મુક્તિના સુખની પણ ઈચ્છા નથી. મને એક માત્ર પ્રભુ તારા ચરણકમલની સેવના જોઈએ છે.''

પ્રભુ ભક્તિના આ બધા ઉદ્‌ગારો શું આપણા હૃદયને અસર નહિં કરે ? શું આપણે પ્રભુના દર્શનમાં સ્તવનોમાં-પૂજનમાં-ભક્તિમાં લીન ન બની શકીએ ? એકાકાર ન થઈ શકીએ ?

પ્રભુના દર્શનથી 'દુઃખ ટળ્યા સુખ મળ્યા'ના બાહ્ય લાભને બતાવ્યા પછી હજી કવિ આગળ વધે છે અભ્યંતર લાભ જણાવે છે "સુકૃત સંચય હુઓ પાપ નીઠો" હે નાથ ! તમારા દર્શનથી મારા આત્મામાં સુકૃતોનો સંચય થયો, પાપ દૂર થયા.

સુકૃતો એટલે પુણ્યનો સંચય થયો, પાપ દૂર થઈ ગયા.

અથવા સુકૃત એટલે ઉત્તમ શુભકાર્યો-સંવર અને નિર્જરાના કાર્યો. પાપ એટલે આશ્રવના કાર્યો.



જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

**પ્રભુના દર્શનથી આત્મામાં એવા શુભ અનુબંધ પડે છે કે જેથી સુકૃતોની પરંપરા જીવનમાં પ્રાપ્ત થાય છે.** દાનાદિ પ્રવૃત્તિ વધે છે. સંયમ અને તપ પણ જીવનમાં પ્રાપ્ત થાય છે. એવા સંખ્યાબંધ દૃષ્ટાંતો છે કે પ્રભુદર્શન-પૂજન કરનારાઓને પ્રભુ ભક્તિથી ચારિત્ર મોહનીય કર્મના ક્ષયોપશમ પ્રાપ્ત થયા અને છેક સંયમ સુધી પહોંચી ગયા.

પ્રભુ ભક્તિથી સંયમની પણ ભાવનાઓ પ્રગટ થાય છે. સંયમ એ ભાવપૂજા છે. દ્રવ્યપૂજન કરતા કરતા ભાવપૂજાની પ્રાપ્તિ થાય છે. પ્રભુભક્તિ કરતાં જેમ સંયમના ભાવોની પ્રાપ્તિ થાય છે તેમ સંયમમાં આવતા વિઘ્નોનું પણ નિવારણ થાય છે. સુકૃતની પરંપરાની પ્રાપ્તિ થાય છે.

સંયમની પ્રાપ્તિ પાપપ્રવૃત્તિના નિવારણથી જ થાય છે એટલે અહિં જણાવ્યું કે "પાપનીઠો" પાપની પ્રવૃત્તિ



અઢારે પાપસ્થાનકો પણ હવે દૂર થયા.. ટૂંકમાં દૂર થશે..

પ્રભુ તમારા દર્શનથી પૂર્વે આત્મામાં પ્રવેશ કરેલ અશુભ કર્મોના અનુબંધ હવે તુટી ગયા છે. એટલે અશુભ પાપ પ્રવૃત્તિ પણ હવે બંધ થઈ જશે.

પરમાત્માના દર્શનથી આત્મામાં ભાવોલ્લાસ વધે છે. વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમથી વીર્ય સ્ફુરાયમાન થાય છે. જીવ તપ વગેરેમાં પરાક્રમ કરે છે અને તેના પ્રભાવથી અશુભ અનુબંધનો વિચ્છેદ થાય છે. શુભાનુબંધો પુષ્ટ થાય છે.

### પેથડશા

પિતા દેદાશા પાસેથી સુવર્ણસિદ્ધિ પેથડશાને મળી છે. શરુઆતમાં ગમે તે કોઈ પાપકર્મના ઉદયમાં સુવર્ણસિદ્ધિ સફળ થતી નથી પણ પાપકર્મનો ઉદય દૂર થતાં સુવર્ણસિદ્ધિ સફળ થાય છે. પેથડશા આબુ

ઉપરના દેલવાડાના જંગલોમાં ગયા. ત્યાં વનસ્પતિઓ વગેરે એકઠી કરી આમ્નાય મુજબ અનેક પ્રક્રિયાઓ કરી સુવર્ણસિદ્ધિ માટેનું દ્રવ્ય તૈયાર થયું. આ દ્રવ્યના સ્પર્શથી લોખંડ સુવર્ણ થવા માંડ્યું પેથડશાએ સાતસાંઢણી પર સમાય તેટલા લોખંડનું સુવર્ણ બનાવ્યુ. ખુશ થઈ ગયા. કોને આનંદ ન થાય ? સાત સાંઢણી સોનાના ભારથી લદાઈ ગઈ. માંડવગઢ તરફ પ્રયાણ કર્યું. પ્રારંભમાં થોડું આગળ જતાં દેલવાડાના વિમલશાનું ભવ્ય મંદિર આવ્યું.

મંદિરને ઓળંગીને શ્રાવક શી રીતે જઈ શકે? પેથડશાએ બહાર સાંઢણીઓને ઉભી રાખી વિમલવસહી ચૈત્યમાં નિસીહીપૂર્વક પ્રવેશ કર્યો.. ભાવવિભોર થઈ પ્રભુના દર્શન કર્યા. ભાવપૂર્વક સ્તુતિ બોલવા લાગ્યા.

**आदिमं पृथिवीनाथ-मादिमं निष्परिग्रहम्।**
**आदिमं तीर्थनाथं च, ऋषभस्वामिनं स्तुमः ।।**

સ્તુતિ બોલતા પેથડશા અત્યંત ભાવવિભોર થઈ



પ્રભુને યાદ કરે છે. આદિમં પૃથિવીનાથં આદિમં નિષ્પરિગ્રહમ્.

પ્રભુ આપ આ અવસર્પિણીમાં પ્રથમ પૃથ્વીના નાથ થયા, એટલું જ નહિ પ્રથમ અપરિગ્રહી થયા અર્થાત્ પ્રથમ સાધુ થયા. સમસ્ત ભરતક્ષેત્ર પૃથ્વીના સામ્રાજ્યને પ્રભુ આપે ક્ષણમાત્રમાં પગની રજની જેમ છોડી દીધુ.

પેથડશા आदिमं निष्परिग्रहम् વાળી પંક્તિ વારંવાર બોલે છે અને તેનાથી આત્માને ખૂબ ભાવિત કરે છે. આગળ પણ હજી વિચારે છે.

ખરેખર આપે ખૂબ જ પરાક્રમ કર્યું, હું આપનો ભક્ત હોવા છતા છોડવાની વાત નથી, મેં તો વધારવાની વાત કરી, અરે પરિગ્રહના ભાર નીચે હું એટલો દબાઈ ગયો છું કે પ્રભુ ! તમે જે છોડ્યુ તેની પાછળ હું પાગલ થયો. આ સુવર્ણના ગંજ એકઠા કરવા માટે મેં કેટકેટલો આરંભ સમારંભ કર્યો ! કેટલીય વનસ્પતિઓને બાળી નાંખી. સજીવ એવી વનસ્પતિઓને



બાળવામાં એ જીવોને કેટલી પીડા ઉપજાવી. સાથે પૃથ્વીકાય, અગ્નિકાય, વાયુકાય, ત્રસકાય વગેરે છ કાયના જીવોનો કેટલો બધો સંહાર ? ક્યાં છ કાયના સર્વજીવોની રક્ષાનો આપનો માર્ગ ? અને ક્યાં છ કાયની ઘોર હિંસાની મારી પાપ પ્રવૃત્તિ...

ક્યાં સંપૂર્ણ નિષ્પરિગ્રહી આપ અને સંપૂર્ણ નિષ્પરિગ્રહપણાનો આપનો માર્ગ ?

અને પરિગ્રહના ભાર તળે દબાઈ ગયેલ હું ક્યાં ? મારું શું થશે ? આ પાપોથી મારો ક્યારે છુટકારો થશે ?

પેથડશાની આંખમાંથી પશ્ચાતાપના આંસુ વહેવા લાગ્યા.

**ધરતીકંપથી તૂટેલ મોટા મકાનના કાટમાળ તલે દબાયેલા મનુષ્ય કરતાં પણ પરિગ્રહના ભારથી દબાયેલ મનુષ્યની સ્થિતિ ભયંકર છે.**

મકાનના કાટમાળ તળે દબાયેલ માણસ કદાચ કાટમાલ ખસેડ્તા જીવતો પણ નીકળી શકે છે અથવા



કદાચ એકાદવાર મૃત્યુને પામે છે **પણ પરિગ્રહના ભાર તળે દટાયેલ મનુષ્ય પણ આધ્યાત્મિક જગતમાં મડદા જેવો છે. ભવાંતરમાં અનેક મરણો તેના નક્કી થાય છે.**

છ ખંડના પરિગહને છેલ્લે સુધી વળગી રહેનારા ચક્વર્તિઓ નરકગામી બને છે.

પરિગ્રહના ભાર નીચે દબાયેલ મમ્મણ સ્વજીવનમાં ન કોઈને આપી શક્યો, ન ભોગવી શક્યો. મરીને સાતમી નરકમાં ગયો.

સોનામહોરની મૂર્ચ્છાવાળો ઉંદર, કુમારપાળે સોનામહોર આઘી-પાછી કરતા માથુ પટકીને મરી ગયો. પૂર્વભવના દાટેલા પરિગ્રહ પર સર્પાદિ થઈને ઉત્પન્ન થયાના સેંકડો દ્રષ્ટાંતો શાસ્ત્રોમાં છે.

એક રત્નનો પરિગ્રહ સ્થાપનાજીમાં રાખી તેના પરની મૂર્ચ્છા સાથે મૃત્યુ પામી સેંકડો સાધ્વીના ગુરુણી મહત્તરા ગિરોડીના ભવમાં ગયા. સદ્ભાગ્યે કેવલજ્ઞાની



जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

ભગવંત પાસેથી વૃત્તાંત જાણી સાધ્વીઓએ ગિરોલીને પ્રતિબોધ કરી. આરાધના કરાવી સ્વર્ગમાં મોકલી.

પરિગ્રહને નવે ગ્રહ કરતાં ભારી ગ્રહ કહ્યો છે. પરિગ્રહને દશ પ્રાણ ઉપરાંત અગ્યારમો પ્રાણ કીધો છે. આ અગ્યારમાં પ્રાણ ખાતર દશે પ્રાણોને છોડનાર અનેક દ્રષ્ટાંત મોજૂદ છે. અહીં વિસ્તારના ભયથી લખેલ નથી. પણ ધન્ય ચરિત્રમાં લક્ષ્મી–સરસ્વતી સંવાદ પ્રસંગે લક્ષ્મીના કારણે પ્રાણનાશના સંખ્યાબંધ પ્રસંગ બતાવ્યા છે.

દેવાધિદેવ આદિનાથ પ્રભુના દર્શન કરતા અને સ્તુતિમાં **"आदिमं निष्परिग्रहम्"** પદનું રટણ કરતા પરમાત્માની નિષ્પરિગ્રહતા ઉપર પેથડશાનું મન ઠરી ગયુ. પરમાત્માની નિષ્પરિગ્રહતાના સ્વરૂપનું ચિંતન કરતા વિવેકચક્ષુ ખૂલી ગયા. નવી દ્રષ્ટિ પ્રાપ્ત થઈ સુખ પરિગ્રહમાં નથી પણ પરિગ્રહના ત્યાગમાં છે. પરિગ્રહ તો અત્યંત સંક્લેશનું કારણ છે.



સંવેગરંગશાળાના શ્લોકો પેથડશાને યાદ આવ્યા...

**हियय ! संकिलेसविहवेहिं सुहकए कामिएहिं किं मूढ !**
**अप्पाणं संतोसे निवेसिउं होसु तं सुहियं ।।**

**जणयंति किलेसं अज्जणम्मि मोहं समज्जियाओ पुण।**
**तावं परं च नासे, पयइए च्चिय विभूईओ ।।**

**ता तासु कुगइगमवत्तिणीसु रायग्गिचोरसज्झासु।**
**हे चित्त ! तत्तचिन्तणपुरस्सरं चयसु पडिबन्धं ।।**

હે મૂઢહૃદય ! સુખ માટે ક્લેશથી સહિત એવા વૈભવને તું કેમ ઇચ્છે છે ? આત્માને સંતોષમાં સ્થાપિત કરીને તું સુખી થઈ જા..

લક્ષ્મી અર્જન કરવામાં (કમાવામાં) ક્લેશ ઉત્પન્ન કરે છે, વળી અર્જન થયા પછી મોહ ઉત્પન્ન કરે છે, નાશ થતાં ખૂબ સંતાપ થાય છે, આ વૈભવ (સંપત્તિનો) સ્વભાવ છે. **તેથી રાજા-અગ્નિ-ચોરથી સાધ્ય (ગ્રહણ કરાય - નાશ કરાય), દુર્ગતિ ગમનના**



જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

**માર્ગ જેવી આ સંપત્તિ વિષે હે ચિત્ત ! તેના સ્વરૂપના ચિંતનપૂર્વક પ્રતિબંધને (રાગને, મોહને) છોડી દે.**

પેથડશા પણ ખૂબ ભાવવિભોર બની જાય છે. પેથડશા વિચાર પર ચડી જાય છે. દેવાધિદેવ સન્મુખ આંખમાં ઝળહળીયા આવે છે. પ્રભુ પાસે પેથડશા પોતાના પરિગ્રહની સોનાની તૃષ્ણારૂપી દોષ માટે રડી પડે છે.

પરમાત્માના દર્શનના અચિંત્ય પ્રભાવથી ત્યાં જ પેથડશાના હૈયામાંથી પરિગ્રહમૂર્ચ્છાના વાઘા ઉતારી જાય છે. પેથડશા આત્મવીર્ય ફોરવી ત્યાંને ત્યાં જ સંકલ્પપૂર્વક અભિગ્રહ કરે છે કે..

૧) આજથી સુવર્ણસિદ્ધિનો ઉપયોગ ન કરવો.

૨) સુવર્ણસિદ્ધિથી પ્રાપ્ત સઘળુ સુવર્ણ સાત ક્ષેત્રાદિ શુભ કાર્યોમાં વાપરી નાંખવુ.

પેથડશા કૃતાર્થતાને અનુભવતા પ્રભુ મંદિરમાંથી બહાર નીકળ્યા. માંડવગઢ પહોંચી સુકૃતોની હારમાળ



શરૂ કરી દીધી. (૧) ૮૪ નૂતન જિનમંદિર કર્યા. (૨) ઓંકારપુરનગરમાં મંદિર માટેની જમીન સોનું પાથરીને લીધી. (૩) અનેક દાનશાળાઓ ચાલુ કરી. (૪) જ્ઞાનભંડારોના નિર્માણ કર્યા. (૫)સાધુ–સાધ્વી વૈયાવચ્ચ અને સાધર્મિક ભક્તિ ખૂબ કરી. (૬) 'ગૌતમ' શબ્દ આવતા જ સુવર્ણ મહોરથી જ્ઞાનપૂજન કરી ભગવતી સૂત્રનું ગુરુમુખે શ્રવણ કર્યુ. આમાં ૩૬૦૦૦ સુવર્ણ મુદ્રાનો વ્યય કર્યો. તેમાંથી જ્ઞાનભંડારો કરાવ્યા. બીજા પણ અનેકવિધ સુકૃતો કર્યા. પ્રભુ દર્શનના આ પ્રભાવથી જ સુકૃતની પરંપરા ચાલી માટે જ ઉપાધ્યાયજી મહારાજ જણાવે છે–

"સુકૃત સંચય હુઓ પાપ નીઠો"

આમ આ સ્તવનની પ્રથમ કડી પરનું વિવેચન પુરૂ થયુ.

***કલ્પશાખી ફળ્યો, કામઘટ મુજ મિલ્યો,***
***આંગણે અમીયનો મેહ વુઠો;***

*મુજ મહિરાણમાંહી ભાણ તુજ દરિસણે,*
*ક્ષીણ થયો કુમતિ અંધાર જુઠો..॥૨॥ ઋષભ૦*

**શબ્દાર્થ** : હે નાથ ! તમારા દર્શનથી મારે આજે કલ્પવૃક્ષ ફળ્યો છે. મારા આંગણે અમૃતનો મેઘ વરસ્યો. મને કામઘટ મળ્યો. ભાવસૂર્ય એવા હે પ્રભુ ! મારા અંતરમાં આપના દર્શનથી કુમતિ એટલે દુર્બુદ્ધિનો અંધકાર નાશ પામી ગયો છે. સદ્‌બદ્ધિનો પ્રકાશ પ્રગટ થઈ ગયો છે.

**વિશેષાર્થ** : કલ્પવૃક્ષના ફળવાથી સઘળી ઈષ્ટ વસ્તુ પ્રાપ્ત થાય છે. કામઘટ એવો ઘટ છે જેનાથી કામ એટલે ઈચ્છા, સર્વ ઈચ્છાઓ પૂર્ણ થઈ જાય છે, ઈચ્છિત વસ્તુની તુરંત જ પ્રાપ્તિ થાય છે.

પરમાત્મા ! આપના દર્શનનો જ એવો પ્રભાવ છે કે જેથી સઘળી ઈષ્ટવસ્તુઓની પ્રાપ્તિ થાય છે, અનિષ્ટ દૂર થાય છે. એટલે **મારે તો આપના દર્શનથી આજે કલ્પવૃક્ષ ફળ્યો છે કામઘટ જ જાણે મળી ગયો**



**છે એટલું જ નહિં મારા હૃદયના આંગણે અમૃતના મેઘની વર્ષા થઈ છે.**

૨૧ હજાર વર્ષનો અવસર્પિણીનો છઠ્ઠો આરો અને ૨૧ હજાર વર્ષનો ૧લો આરો (ઉત્સર્પિણીનો) કુલ ૪૨ હજાર વર્ષ સુધી આ ભરતક્ષેત્રની પૃથ્વી વર્ષા રહિત હોય છે. સૂર્યના ભયંકર તાપથી તપેલી હોય છે. વનસ્પતિ સંપૂર્ણ અદ્રશ્ય થઈ ગયેલ હોય છે. પૃથ્વી અંગારા જેવી થઈ ગઈ હોય છે. આ બંને આરા પૂર્ણ થતા ઉત્સર્પિણીના બીજા આરાનો પ્રારંભ થતા જ પુષ્કરાવર્ત મેઘ વરસે છે. બીજા મેઘો પણ વરસે છે. શુષ્ક પૃથ્વી નવપલ્લવિત થાય છે. વૃક્ષો, વનસ્પતિથી સુશોભિત બને છે. લોક પણ આનંદવિભોર થઈ જાય છે.

બસ પરમાત્માના દર્શનથી મારી આત્મભૂમિમાં અમૃતના મેઘ વરસે છે. અનાદિઅનંતકાળથી વિષય-કષાયના રાગ-દ્વેષના પરિણામથી તથા હિંસાદિ



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

પાપપ્રવૃત્તિના, મિથ્યાત્વાદિ દોષોના તાપથી તપેલ મારા આત્મક્ષેત્રમાં પ્રભુના દર્શનથી એવા શુભભાવોના મેઘ વરસવા માંડ્યા છે કે જેનાથી મારા વિષય-કષાયોના તાપો શાંત થાય છે. રાગદ્વેષના દાવાનળો બુઝાઈ જાય છે. પાપપ્રવૃત્તિઓની તૃષ્ણાઓ દૂર થાય છે. મિથ્યાત્વાદિ દોષો ટળે છે અને ગુણોના અંકુરા પ્રગટ થાય છે. મારો આત્મા પણ દોષોના નાશ અને ગુણોની પ્રાપ્તિથી આનંદવિભોર બને છે. હજી પ્રભુના દર્શનથી અજ્ઞાન ટળવાની મહત્ત્વની વાત કવિ રજૂ કરે છે.

*"મુજ મહિરાણમાંહી ભાણ તુજ દરિસણે*
*ક્ષય ગયો કુમતિ અંધાર જૂઠો..."*

સૂર્ય પશ્ચિમમાં અસ્ત થતા પૃથ્વી પર સર્વત્ર અંધકાર પ્રસરી જાય છે. આખી રાત અંધકાર પ્રસરેલો રહે છે, ઘોર અંધકારમાં કશું દેખાતું નથી. માણસ અથડાય છે. કૂટાય છે.

આ જગતમાં અનાદિકાળથી અજ્ઞાનનો (દુર્બુદ્ધિનો)



અંધકાર પથરાયેલો છે. આના કારણે જીવોને સાચો રસ્તો મળતો નથી. ચારે ગતિમાં જીવ ભટકાય છે, અથડાય છે, કૂટાય છે અનેક પ્રકારના ઘોરાતિઘોર દુઃખો ભોગવે છે.

પ્રભુ ! આપ દુર્બુદ્ધિરુપ અંધકારને દૂર કરી સમ્યગ્જ્ઞાનના પ્રકાશને પાથરનાર સૂર્યસમાન છે, એટલે **હે દેવાધિદેવ ! આપના દર્શનથી મારા હૃદયમાં કુમતિ (અજ્ઞાનતાનો) અંધકાર દૂર થયો છે. અને જ્ઞાનનો પ્રકાશ પ્રજ્વલિત થયો છે.**

## કુમતિ-સુમતિ અથવા દુર્બુદ્ધિ-સદ્‌બુદ્ધિ

મતિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી મતિજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. પાંચ ઈન્દ્રિયો અને મનથી થતા જ્ઞાનને મતિજ્ઞાન કહેવાય છે. શાસ્ત્રો કે શબ્દોના આલંબનથી જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તે શ્રુતજ્ઞાન છે.

સમ્યગ્દષ્ટિના આ બંને જ્ઞાનો જ્ઞાન કહેવાય છે.

મિથ્યાદષ્ટિના આ બંને જ્ઞાનો અજ્ઞાન કહેવાય છે. મતિઅજ્ઞાન – શ્રુતઅજ્ઞાન.

**મતિ એટલે બુદ્ધિ.**

અનાદિકાળથી મિથ્યાત્વના ઉદયના કારણે હિંસા–જૂઠ–ચોરી–મૈથુન–પરિગ્રહ આદિના ઘોર પાપો આનંદથી કર્યા. વળી આ પાપો હેય (ખોટા) લાગતા ન હતા, પાપોમાં ઉપાદેયપણાની બુદ્ધિ હતી, તેથી પાપોથી તીવ્ર અશુભકર્મ બંધાયા. પાપોનો ત્યાગ નથી કર્યો, વળી ક્રોધાદિ કષાયો અને અશુભયોગના પ્રવર્તનમાં જ આપણી મતિ રમતી હતી એ કુમતિ હતી.

ક્રોધ–માન–મદ–મત્સર–માયા–લોભ–અજ્ઞાન–પ્રમાદ વગેરે દોષમાં રમતી મતી એ કુમતિ છે હિંસા–જુઠ–ચોરી–મૈથુન–પરિગ્રહ વગેરે પાપોની પ્રવૃત્તિમાં રમતી મતિ એ કુમતિ છે.

અપ્રશસ્ત રાગ–દ્વેષમાં રમતી મતિ એ કુમતિ છે. અર્થ અને કામમાં રસપૂર્વક રમતી મતિ એ કુમતિ છે.



આ કુમતિએ કાળો કેર વર્તાવ્યો છે. ભયંકર રૌદ્રધ્યાનમાં ચઢાવી જીવને નરકમાં ધકેલ્યો. કુમતિની ભયંકરતા કેટલી બધી કે તે પાપો–કષાયો કે રૌદ્રધ્યાનના કારણે નરકમાં જવાનું થયુ, ત્યાં ઘોર દુ:ખો સહન કર્યા, પણ કુમતિ દૂર ન થઈ. ત્યાં એ જ ક્રોધાદિ કષાયો હિંસાદિપાપો અને રૌદ્રધ્યાન વગેરે ચાલુ રહ્યા અને ભવની પરંપરાઓ આગળ ચાલી.

કુમતિએ આર્તધ્યાન કરાવી તિર્યંચગતિમાં મોકલ્યાં ત્યાં પણ ભૂખ–તરસ–માર–રોગ અને કતલાદિની કારમી પીડા વેઠી આમ છતાં કુમતિ દૂર થઈ નહીં, પણ ત્યાં પણ તે સ્થિતિમાં શક્ય પાપો અને પાપ પરિણતિ ચાલુ રહી.

મનુષ્યપણામાં અને દેવના ભવોમાં પણ કુમતિના કારણે અત્યંત અશુભ મન–વચન–કાયયોગ થયા.

પુદ્‌ગલ પ્રત્યેનો તીવ્ર રાગ કુમતિના કારણે થયો.



जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

શબ્દ–રુપ–રસ–ગંધ–સ્પર્શ આ પાંચે ઈન્દ્રિયના વિષયો પાછળ દોટ પણ કુમતિએ કરાવી.

કુમતિએ શું–શું નથી કરાવ્યું ? લગભગ આખા જગતમાં અનંતા જીવોમાં કુમતિ પ્રસરી છે. સુમતિ અટકી ગઈ છે. પરિણામે જગત બેહાલ છે. આત્મસ્વરુપનું ભાન કુમતિના કારણે થતુ નથી. આત્મસ્વરુપ પર રૂચિ પણ કુમતિના કારણે થતી નથી.

આત્મામાં અનંત સ્વાભાવિક સુખના ભંડારો ભરેલા છે એને પ્રગટ કરવા જીવને પુરુષાર્થ કરતા કોણ અટકાવે છે ? આ કુમતિ જ.

અનંતસુખના માલિક આત્માને તેનાથી વંછિત રાખી દુ:ખમાં જ ડુબેલો રાખવાનું કામ કુમતિના અંધારાએ કર્યું છે.

પ્રભુ ! તમારા દર્શનથી મારા હૃદયરુપી ભોંયરામાંથી આ કુમતિરુપી (અજ્ઞાન) અંધકાર નાશ પામી ગયો અને સુમતિ–સદ્‌બુદ્ધિ અથવા સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ



પથરાઈ ગયો. અહીં પ્રભુ ! હું ધન્ય બન્યો. સમ્યગ્જ્ઞાનના પ્રકાશમાં મને હવે આત્મસ્વરુપનું ભાન થયું છે. હવે મારુ મન પણ સમ્યગ્જ્ઞાનાદિ દ્વારા આત્મસ્વરુપ પ્રગટ કરવાને ઉલ્લાસિત થયુ છે. હવે તો પ્રબળ પુરુષાર્થ કરીને એક માત્ર શાશ્વત સુખને જ પ્રાપ્ત કરવાનો મારો નિર્ણય દૃઢ બન્યો છે.

***કવણ નર કનકમણિ છંડિ તૃણ સંગ્રહે,***
***કવણ કુંજર તજી કરહ લાવે;***
***કવણ બેસે તજી કલ્પતરુ બાઉલે,***
***તુજ તજી અવર સુર કોણ સેવે.॥૩॥***

**શબ્દાર્થ** : કનકમણિ છોડીને કોણ મનુષ્ય ઘાસનો સંગ્રહ કરે, હાથીને છોડીને કોણ ઉંટ લાવે ? કલ્પવૃક્ષની છાયાને છોડીને કોણ બાવળના કાંટાળા ઝાડની છાયામાં બેસે ? હે નાથ ! તારા વિના બીજા દેવને કોણ સેવે ?

**વિશેષાર્થ** : ઉપાધ્યાયજી મહારાજ ઉત્તમ ઉપમાઓથી

હવે પ્રભુનું મહત્ત્વ બતાવે છે. સાથે સાથે ઇતરદેવની પણ સ્થિતિ પ્રગટ કરે છે.

પ્રભુ કનકમણિ એટલે સોનું અને રત્નોના પુંજ સ્વરૂપે છે, સર્વજ્ઞ દેવાધિદેવ વીતરાગ એવા પરમાત્માની સમક્ષ અન્ય રાગી દેવો તો તૃણથી પણ લઘુ જણાય છે.

ક્યાં વીતરાગી એવા દેવાધિદેવ,

ક્યાં રાગી દ્વેષી એવા ઈતરદેવો.

સંગમદેવ મહાવીર પ્રભુને પ્રતિકૂળ ઉપસર્ગો કરીને ચલાયમાન ન કરી શક્યો એટલે અનુકૂળ ઉપસર્ગો કરવા દેવ-દેવીઓની વિકુર્વણા કરી દેવાંગનાઓના નાચ-ગાન-સંગીત વગેરેની વિકુર્વણા કરે છે. ધ્યાનમગ્ન પ્રભુની દૃષ્ટિ જરા પણ ઊંચી થતી નથી. આ પ્રભુનો કામજય છે. જ્યારે ઈતર દર્શનોમાં દેવોના રાગદ્વેષ પૂર્વકના વિવિધ પ્રસંગો વર્ણવ્યા છે.

પ્રભુ દેવાધિદેવ વીતરાગ છે, સર્વજ્ઞ છે. ઇંદ્રો વગેરે દેવોથી પૂજાયેલા છે. સમવસરણમાં બેસી વિશ્વના



યથાસ્થિત સ્વરુપને પ્રગટ કરનારા છે. વિશ્વના જીવોને સંસારમાં જીવની નિરાધાર દશા, ચાર ગતિમાં અને ચોર્યાશી લાખ યોનિમાં પરિભ્રમણ, તેના કારણો, તેમાંથી છુટવાના ઉપાયો વગેરે બતાવી જગતના જીવો પર પ્રભુએ અનુપમ મહાન ઉપકાર કર્યો છે. **જીવોને સંસારમાંથી તારવા ચતુર્વિધ સંઘરૂપી તીર્થની સ્થાપના કરી જીવો પર જબરદસ્ત ઉપકાર કર્યો છે.**

પ્રભુનું રૂપ પણ ઇંદ્રોથી અનંતગુણ છે.

પ્રભુનું બળ પણ ઇંદ્રોથી અનંતગુણ છે.

તેમનું સ્વરુપ અલૌકિક છે. અનંતાનંત ગુણના માલિક પ્રભુના ગુણો ગણી શકાય તેમ નથી.

કલ્પસૂત્રની ટીકામાં વિનયવિજય મ. પ્રભુના સ્વરૂપનું વર્ણન કરતા જણાવે છે.

यदि त्रिलोकी गणनापरा स्यात्,
तस्याः समाप्तिर्यदि नायुषः स्यात् ।
पारेपरार्ध्यं गणितं यदि स्यात्,
गणेयनिःशेषगुणोऽपि स स्यात्।।



जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

જો ત્રણ લોક (ના જીવો) પ્રભુના ગુણ ગણવા તત્પર થાય. તેમના આયુષ્યની સમાપ્તિ જ ન થાય. ગણિત પણ પરાર્ધ્યથી પણ આગળ ચાલે તો તેમના સર્વ ગુણો ગણી શકાય.

આ બધુ જેમ અશક્ય છે. લોકના આયુષ્યની સમાપ્તિ ન થાય તેવું બનવાનું નથી. એ જ રીતે પ્રભુના ગુણ-ગણ ગણી શકાય એ શક્ય જ નથી.

છદ્મસ્થ તો પ્રભુના ગુણ ગણી ન શકે, વર્ણવી પણ ન શકે, પણ કેવલજ્ઞાનીને સંપૂર્ણ જ્ઞાન હોવાથી પ્રભુના ગુણોને જાણી તો શકે, પણ તેઓ પણ તેને વર્ણવી ન શકે કેમકે સામાન્યકેવલજ્ઞાનીને (તીર્થંકર સિવાયના) પ્રભુના ગુણોનું સંપૂર્ણ વર્ણન કરી શકાય તેવી વાણીનો અતિશય હોતો નથી. માટે તીર્થંકર દેવના યથાર્થ સ્વરૂપને એક માત્ર તીર્થંકર દેવો જ વર્ણવી શકે. આ વાત મહાનિશીથ સૂત્રમાં બતાવી છે. વળી મહાનિશીથ સૂત્રમાં કહ્યુ છે,



ता सयलदेव-दाणव-गह-रिक्ख-सुरिंद-चंदमादिणं ।
तित्थयरे पूज्जयरे ते च्चिय पावं पणासंति।।

સઘળા દેવ-દાનવ-ગ્રહ-નક્ષત્ર, સુરેન્દ્ર, ચંદ્ર આદિ બધાને તીર્થંકરો અતિશય પૂજ્ય છે. પૂજ્યતર છે આવા તીર્થંકરો જ આપણા સર્વ પાપનો નાશ કરે છે.

વળી કહ્યુ છે-

**जं तिहुयणं पि सयलं एगीहोउणमुब्भेगदिसं**
**भागे गुणाहिओम्हं तित्थयरे परमपूज्जेत्ति।।**
**ते च्चिय अच्चे वंदे पूए आराहे गइ मइ सरणे य।**
**जम्हा तम्हा ते चेव भावओ णमह धम्मतित्थयरे।।**

એક બાજુ સકલ ત્રણ ભુવનને એકત્ર કરીને રાખીએ તો પણ પરમપૂજ્ય એવા તીર્થંકર તેનાથી અધિક થાય છે. ગુણાધિક થાય છે.

માટે તે તીર્થંકર જ અર્ચ્ય, વંદ્ય, પૂજ્ય, આરાધ્ય, ગતિ-મતિ અને શરણ્ય છે. માટે તે જ ધર્મતીર્થંકરને ભાવથી નમસ્કાર કરો.

આપણને આવા એક મહાન અવર્ણનીય અનુપમ અચિંત્ય એવા દેવાધિદેવ-પ્રાપ્ત થયા છે ત્યારે ઉપાધ્યાયજી મ. પ્રભુને કહે છે, તમારુ આવું સ્વરૂપ જાણ્યા પછી તમને છોડીને બીજા દેવને કોણ સેવે ?

સંસારમાં જેમ સોનું હીરા-માણેક રત્નો છોડી કોણ ઘાસ ભેગુ કરે ? કોઈ નહિ, તેવી જ રીતે સેંકડો હાથીઓ ભરેલી રાજાની હાથીશાળામાંથી એ બધા હાથીઓને છોડીને ઉંટોનો સંગ્રહ કયો રાજા કરે ? કોઈ પણ નહીં.

પ્રવાસી રસ્તામાં થાક્યો હોય અને કલ્પવૃક્ષની છાંયડી મળતી હોય, અને બાવળનું કાંટાળુ ઝાડ હોય તો કોણ કલ્પવૃક્ષને છોડીને બાવળની છાયામાં બેસે ? કોઈ ન બેસે.

બસ આ જ રીતે કયો વિવેકી પુરુષ દેવાધિદેવનું સ્વરૂપ જાણ્યા પછી અન્ય રાગી દ્વેષી દેવોની ઉપાસના કરે ?



હા, જેની પાસે રત્નો પ્રાપ્ત કરવાની સમૃદ્ધિ નથી તેવા દરિદ્રજનો ઝુંપડીમાં ઘાસ એકઠું કરે, જેમની પાસે હાથી ખરીદવાની સંપત્તિ નથી તેવા કુંભાર વગેરે ઉંટો રાખે, જ્યાં કલ્પવૃક્ષ કે ઉત્તમવૃક્ષની છાયા પ્રાપ્ત થઈ શકે તેમ નથી ત્યાં પ્રવાસી બાવળીયાની છાયામાં બેસે.

તેમ દેવાધિદેવનું સ્વરૂપ ન જાણે તેવા અજ્ઞાની જીવો અથવા કોઈ સંસારના સુખના લાલચુ અન્ય દેવોને સેવે એ જુદી વાત છે પણ કોઈ પણ પરમાત્માના સ્વરૂપ, પ્રભાવ, મહિમા, ગુણોને જાણનાર અરિહંત પરમાત્મા સિવાય અન્યને સેવે જ નહિં.

આપણે પણ **"તુજ વિણ અવર સુર કુણ સેવે?"** આ પંક્તિને અત્યંત ભાવપૂર્વક વારંવાર બોલી હૃદયમાં એવી ઘુંટીએ કે કોઈ ક્લિષ્ટ કર્મ આત્મામાં પડ્યા હોય કે જે ભવિષ્યમાં કે ભવાંતરમાં આપણને પરમાત્માનું વિસ્મરણ કરાવી અન્યત્ર ઘસડી જાય તો તેનો ક્ષય થઈ જાય. અશુભ અનુબંધો ભાવપૂર્વક પરમાત્માની



જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

આવી સ્તવનાથી તૂટી જાય છે.

***એક મુજ ટેક સુવિવેક સાહિબ સદા,***
***તુજ વિના દેવ દુજો ન ઈહું;***
***તુજ વચન રાગ સુખસાગરે ઝીલતો,***
***કર્મભર ભ્રમ થકી હું ન બીહું. ॥૪॥ ઋષભ૦.***

**શબ્દાર્થ : હે પ્રભુ ! સદા માટે મારી વિવેકપૂર્ણ ટેક છે કે તમારા વિના બીજી કોઈ દેવની હું ઈચ્છા કરતો જ નથી.**

નાથ ! તારા વચન પરના રાગરૂપી સુખ સાગરમાં રમતો હું હવે કર્મ સમૂહના ભ્રમથી પણ બીતો નથી.

**વિશેષાર્થ** : હજી ઉપાધ્યાયજી પોતાના મનના મજબૂત સંકલ્પને પ્રભુ આગળ પ્રગટ કરે છે.

હે નાથ ! ખૂબ ઉત્તમ વિવેકપૂર્વક વિચારીને મેં મારા મનમાં એક ટેક સદા માટે નક્કી કરી છે. કે તારા વિના અન્ય દેવની ક્યારેય ઈચ્છા નહિં કરું.



ઉપાધ્યાયજી કહે છે સ્વપ્નમાં પણ હું તારા સિવાય બીજા દેવની ઈચ્છા નથી કરવાનો, અરે મારી ટેક અચલ છે. મજબૂત છે એટલે આ ભવમાં જ નહિં પણ ભવાંતરમાં પણ હું તારા સિવાય બીજા દેવની ઈચ્છા કરવાનો નથી.

**મારા હૃદયપટ પર પ્રભુ તારા સિવાય બીજા કોઈને માટે અવકાશ જ નથી.**

મેં તમને બરાબર ઓળખ્યા છે. મેં તમને બરાબર પીછાણ્યા છે. તમારા ગુણગણને મેં જાણ્યા છે. તમારી કરુણાનો મને ખ્યાલ આવી ગયો છે. તમારા અનુપમ અને અનંત ઉપકારને પ્રભુ ! હું શી રીતે વિસરી શકું ? ક્યાં અનંતા જીવો સાથે એક જ કાયામાં જન્મ-મરણ કરવાની અનંત દુ:ખોને ભોગવવાની મારી નિગોદમાં સ્થિતિ, અરે ત્યાંથી નીકળ્યા પછી પણ પૃથ્વીકાય, અપ્કાય વગેરે એકેન્દ્રિયમાં મારી રખડપટ્ટી, ઘોરાતિઘોર દુ:ખોનો ભોગવટો, વિકલેન્દ્રિયના કારમા

ભવો, પંચેન્દ્રિયમાં પણ સાત-સાત નરકના પર્યટન, સાગરોપમો સુધી કારમી ભયંકર વેદનાઓ, તિર્યંચ-મનુષ્ય અને દેવના પણ કેવા કારમા દુઃખમય ભવો હે દેવાધિદેવ ! આવા સંસારમાં અજ્ઞાનમાં અથડાતા અને ઘોરાતિઘોર જન્મ-મરણ-જરા-રોગ-શોક-દરિદ્રતાના દુઃખોને સહન કરતા મારા જીવને આપ કેટલા બધા ઊંચે લઈ આવ્યા આજે ઉત્તમ મનુષ્યભવ, આર્યદેશ, ઉચ્ચકુલ, જૈન ધર્મની પ્રાપ્તિ, દેવ તરીકે આપની પ્રાપ્તિ આ બધુ પ્રભુ આપના પ્રભાવે જ થયુ છે. કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રસૂરિજી મહારાજા પણ વીતરાગ સ્તોત્રમાં જણાવે છે-

"भवत्प्रसादेनैवाह- मियतीं प्रापितो भुवम्।"

આપના પ્રસાદથી જ હું આ સ્થાન સુધી, આ અવસ્થા સુધી પહોંચ્યો છું... પ્રભુ હવે આપને હું કેમ વિસારી શકું ?

બસ હવે મારી એક જ ટેક છે, પ્રભુ તમારા સિવાય બીજા કોઈ દેવની મને ઈચ્છા જ નથી.



**પ્રભુ તમારા વચનરાગના સુખસાગરમાં હું મગન થઈ ગયો છું. હવે હું કર્મસમૂહના ભ્રમથી જુલમથી ડરતો નથી.**

સંપૂર્ણ જગતમાં એક છત્રીયરાજ્ય કર્મસત્તાનું છે.આ કર્મ રાયને રંક કરે છે, રંક ને રાય કરે છે. આજે આપણી નજર સામે છે મોટા મોટા રજવાડાના માલિક રાજાઓ રોડ પર આવી ગયા, કંઈક હોટલો કરી કે બીજા ધંધા કરી ગુજરાન ચલાવે છે. જ્યારે બીજી બાજુ પાનના ગલ્લાવાળા, લારી ફેરવનારા, લોકશાહીમાં ખટપટો કરી મતો મેળવી મોટા પ્રધાનો થઈ ગયા. કરોડો અબજોની સંપત્તિઓના માલિક થઈ ગયા. આ જીંદગીની છેલ્લી ક્ષણ સુધી છ ખંડના સામ્રાજ્યને ભોગવનાર બ્રહ્મદત્તને કર્મે બીજી જ ક્ષણે ૭મી નરકમાં મોકલ્યો. માગધ સમ્રાટ શ્રેણિક ૧લી નરકમાં ગયા. દેવાધિદેવ મહાવીર પ્રભુને પણ કાનમાં ખીલા ઠોકાયા, પગ પર ખીર રંધાઈ, એક રાત્રિમાં



જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

સંગમના ઘોર ઉપસર્ગો વગેરે ભોગવવા પડ્યા. ઋષભદેવ પ્રભુને એક વરસ સુધી નિત્ય ગોચરી જવા છતા આહારની ઉપલબ્ધિ ન થઈ. ફાગણ વદ ૮ (શાસ્ત્રીય કે રાજસ્થાની ચૈત્ર વદ-૮) થી બીજા વર્ષના વૈશાખ સુદ ૨ સુધી પ્રભુને ભોજન ન મળ્યું. વૈશાખ સુદ ૩ના પારણું થયુ. કર્મના જુલમને હજારો, લાખો, કરોડો અસંખ્ય અને અનંત જીવો ભોગવી રહ્યા છે. પાર વગરના દ્રષ્ટાંતો છે.

પૂજ્ય મહોપાધ્યાયજી પ્રભુને વિનંતિ કરતા કહે છે. જુલ્મી એવા આ કર્મોનો હવે મને ભય નથી. **કેમ ભય નથી ?**

કારણ પ્રભુ પ્રત્યેનો અત્યંત રાગ અને પ્રભુના વચન પ્રત્યેનો રાગ.

મારો તમારા અને તમારા વચનો પ્રત્યેનો રાગ એ સુખનો સાગર છે અને એ સુખ સાગરમાં મારી એટલી બધી લીનતા છે કે હવે મને કોઈ ભય નથી.



**પ્રભુ ! જેને તમે મળ્યા જેને તમારું વચન મળ્યું. એને આ જગતમાં કોઈ ભય નથી, એ નિર્ભય છે.**

પ્રભુ આપ અભયના દાતાર છો, સંસારમાં સાત પ્રકારના ભયો છે.

૧. આલોક ભય એટલે મનુષ્યને મનુષ્યથી ભય.
૨. પરલોક ભય એટલે મનુષ્યને તિર્યંચ કે દેવથી ભય.
૩. અકસ્માત્ ભય એટલે વગર નિમિત્તે અકસ્માત્ મનમાં ભય ઉત્પન્ન થાય.
૪. આજીવિકા ભય એટલે આલોકમાં નિર્વાહ કેમ કરવો ? ધંધો-નોકરી વગેરે ચાલ્યા જવાનો ભય.
૫. આદાન ભય એટલે ચોરી થવાનો ભય.
૬. અપયશ ભય એટલે દુનિયામાં અપયશ કે અપકીર્તિ ફેલાઈ જાય તેવો ભય.
૭. મરણ ભય એટલે મૃત્યુનો મહાન ભય.

પ્રભુ આપ અભયના દાતાર છો, આપના નામનું પણ ભાવથી સ્મરણ કરે તેના ઉપરોક્ત સાતે ભયો નાશ પામે છે.

અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે પ્રભુ સર્વજ્ઞ છે. સર્વદર્શી છે. તેમના વચનો સંપૂર્ણ સત્ય છે. જગતના જીવોના દુ:ખના દાવાનળને શાંત કરનારા છે. દેવાધિદેવે કેવલજ્ઞાન થતા દેશના આપી, તેમની દેશનાથી વૈરાગ્યવાસિત થયેલ કંઈક જીવોએ સંયમ સ્વીકાર્યું, બીજા અલ્પ સત્ત્વશક્તિવાળા જીવોએ શ્રાવકધર્મ સ્વીકાર્યો. આમ સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકારુપ ચતુર્વિધ સંઘની સ્થાપના થઈ. તેમાં મુખ્ય મુનિમાં જે ગણધરપદને પાત્ર હતા તેમને ભગવાને ત્રિપદી આપી. ત્રણ પદ "**उप्पन्नेइ वा विगमेइ वा धुवेइ वा**" આ ત્રણ પદના આધારે બીજ બુદ્ધિના ધણી એવા તેમને દ્વાદશાંગી એટલે આચારાંગ, સૂત્રકૃતાંગ આદિ બાર અંગની રચના કરી બારમાં દ્રષ્ટિવાદ અંગમાં ચૌદપૂર્વનો પણ સમાવેશ



થયો. ગણધર ભગવંતોની આ દ્વાદશાંગીની રચનાને પ્રભુએ અનુજ્ઞા આપી, તેમના પર વાસક્ષેપ નાંખી ગણધરપદ પર સ્થાપન કર્યા. આ દ્વાદશાંગી તથા તેના આધારે અન્ય શાસ્ત્રો રચાયા. આ બધુ પ્રભુવચન છે. કાળબળે આનો હ્રાસ થયો. આજે અતિ અલ્પ પ્રમાણમાં શાસ્ત્રો રહ્યા છે. મોટા ભાગનો વિચ્છેદ થયો, આમ છતાં પણ 'ભાંગ્યુ ભાંગ્યુ ભરૂચ' એ ન્યાયે હાલ જે થોડા ઘણા શાસ્ત્રો બચ્યા છે, એ પણ ઘણા મહાન છે.

વળી આ શાસ્ત્રો બધા સુંદર તત્ત્વોથી ભરેલા છે. સમસ્ત લોકના સ્વરૂપને બતાવનારા છે. આ શાસ્ત્રો એટલે પ્રભુના વચનો છે.આ પ્રભુના વચનના વાંચન-પઠન-અવગાહન-ચિંતન-અનુપ્રેક્ષા કરતા મહાત્માઓ અત્યંત આનંદ અનુભવે છે. તેમના હૃદયમાં આનંદનો સાગર ઉછળે છે. બધા સંક્લેશો ભયો, દુ:ખો વિલીન થઈ જાય છે માત્ર સાધુઓ જ નહીં પણ સાધુઓના



જૈન સાઈટ JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

મુખેથી આ વચનોનું શ્રવણ કરતાં શ્રાવક-શ્રાવિકાઓ પણ અત્યંત આનંદ અનુભવે છે. ચિંતા ક્લેશ અને દુ:ખોથી મુક્ત થાય છે માટે જ પરમાત્માની ભક્તિ કરતા બહુશ્રુત એવા ઉપાધ્યાયજીના મુખમાંથી ઉદ્ગાર નીકળી પડે છે. "**તુજ વચન રાગ સુખસાગરે ઝીલતો, કર્મભર ભ્રમ થકી હું ન બીહું.**"

પ્રભુ તમારા વચન રાગના સુખસાગરમાં લીન બનેલો હું હવે કર્મના જૂથથી બ્હીતો નથી.

આપણે પણ ઉપાધ્યાયજી મહારાજના જેવા જ ભાવથી પ્રભુની સ્તવના કરવા પ્રયત્ન કરીએ.

*કોડી છે દાસ વિભુ તાહરે ભલભલા,*
*માહરે દેવ તૂં એક પ્યારો;*
*પતિતપાવન સમો જગત ઉદ્ધારક,*
*મહેર કરી મોહે ભવજલધિ તારો.॥૫॥ ઋષભ૦*

**શબ્દાર્થ** : ભગવંત ! આપની સેવામાં કરોડો દાસ છે પણ માહરે તો તું એક જ પ્યારો (અતિ વાહલો) દેવ છે.



હે પતિતપાવન ! વિશ્વના ઉદ્ધારક સ્વામી ! મહેરબાની કરી મને ભવ જલધિથી તારો.. પાર ઉતારો..

**વિશેષાર્થ** : અહિં હવે પ્રભુના ઐશ્વર્યનું વર્ણન કરતા ઉપાધ્યાયજી મ.સા.ના મુખમાંથી સ્વાભાવિક ઉદ્ગારો નીકળી જાય છે. પ્રભુ તમારે ભલભલા કોટિ કે કરોડો દાસ છે. ભલ ભલા એટલે મહા ઐશ્વર્યના ધારક, અસંખ્ય દેવોના અધિપતિ એવા ઇંદ્રો-દેવો વગેરે પ્રભુ આપના દાસ છે, સેવક છે. કેટલી બધી શક્તિના ધણી ઈન્દ્રો અને દેવો છે.

આખા જંબુદ્વીપ કે અનેક દ્વીપ-સમુદ્ર ને ઉંધા કરી છત્રરુપ કરી શકે, અસંખ્ય દ્વીપ સમુદ્રો ભરાઈ જાય તેટલા રૂપો વિકુર્વી ભરી શકે, ક્ષણવારમાં અસંખ્ય યોજન જઈ શકે, મનમાં ચિંતવતાની સાથે કાર્યસિદ્ધ કરી શકે, અપૂર્વ બળને ધારણ કરનારા, અદ્ભુતરૂપને ધારણ કરનારા, સર્વોચ્ચ કોટિના ભૌતિક ભોગોને

ભોગવનારા આવા ઈન્દ્રો પણ પ્રભુ તમારા દાસ છે, તમારા સેવક છે, તમારા કિંકરરુપ છે, અહંપૂર્વિકા-પૂર્વક આપની ભક્તિમાં ઉલ્લસિત થાય છે. બાર વૈમાનિક દેવલોકના દશ, વીશ ભવનપતિના, સોળ વ્યંતરદેવોના, સોળ વાણવ્યંતરદેવોના બાસઠ ઈન્દ્રો આપની સતત સેવા કરે છે. જ્યોતિષચક્રના બે ઈન્દ્રો તો આખી જાતિ તરીકે ગણ્યા છે પણ અસંખ્ય સૂર્યેન્દ્રો, અસંખ્ય ચંદ્રેન્દ્રો સ્વામી ! તમારી સેવામાં લીન છે મનુષ્યોમાં પણ રાજા-મહારાજાઓ, વિદ્યાધરેન્દ્રો, વાસુદેવો, બળદેવો અને યાવત્ સમસ્ત છ ખંડના સ્વામી એવા ચક્રવર્તિઓ પ્રભુ તમારા દાસ થઈને રહે છે. તમારા દર્શન-પૂજન-વંદનમાં અઢળક આનંદ અનુભવે છે. મંત્રીઓ-સેનાપતિઓ, શ્રેષ્ઠિઓ અને સામાન્યજન પણ આપને માલિક તરીકે, દેવ તરીકે, સ્વામી તરીકે, નાથ તરીકે સ્વીકારે છે.

અરે ! એટલું જ નહીં ચાર જ્ઞાનના ધણી ગણધર



ભગવંતો, વિશિષ્ટ સંયમી મુનિઓ, સાધ્વીઓ, શ્રાવકો, શ્રાવિકાઓ, સમ્યગ્દષ્ટિ જીવો અપુનર્બંધક, માર્ગાનુસારી જીવો સર્વે પ્રભુ તમારી ભક્તિ કરે છે. અરે! કેવળજ્ઞાની ભગવંતો પણ આપના પરિવારમાં છે.

કેટ-કેટલું ઐશ્વર્ય આપનું છે અસંખ્ય ભક્તોના આપ ભગવાન છો પણ પ્રભુ મારું શું ? આપને અસંખ્ય ભક્તો પણ મારે તો તમે એક જ સ્વામી છો. મને અત્યંત વ્હાલા એવા દેવ તમે જ એક માત્ર છો, મારા નાથ તમે છો, મારા દેવ તમે છો, મારા સ્વામી તમે છો, મારા પ્રભુ તમે છો.... હું તમારો આશ્રિત છું, દાસ છું, સેવક છું, નોકર છું. તમારા વિના મારે બીજા કોઈનો જ આધાર નથી, તમારા વિના હું ક્યાં જાઉ? કોનું આલંબન લઉં ? મારી ભવભ્રમણની વ્યથા નાથ ! કોને કહું ? અરે ! તમે તો સર્વજ્ઞ છો, સર્વદર્શી છો, મારે મારી વ્યથા તમારી આગળ વર્ણવવાની જરૂર ખરી ? આપ જ્ઞાન બળથી મારુ બધુ જ જાણો છો.



जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

**"पहु मह दुक्खमसंख कहेमि सव्वण्णुणो वि किं तुज्झ ?।
तं कुणसु तत्थ सामिय, जं तुह करुणाए अणुसरिसं।।"**

હે નાથ ! મારા અસંખ્ય દુઃખો સર્વજ્ઞ એવા પણ તમને મારે કહેવાના હોય ? સ્વામી ! જે તમારી કરુણાને અનુસરતું હોય તેવું કરો ! તમે તો પતિતને પાવન કરનાર છો. કેટલાય હિંસક, દુરાચારી તથા ઘણા-ઘણા પાપોને કરનારા મહાપાપીઓને તમે પાવન પવિત્ર કર્યા છે. સમસ્ત વિશ્વના તમે ઉદ્ધારક છો. સમસ્ત વિશ્વને જેમ સૂર્ય પ્રકાશિત કરે છે, છતા ભોયરામાં બારી-બારણાં બંધવાળા સ્થાને સૂર્યનો પ્રકાશ ન પહોંચે તો પણ સૂર્ય વિશ્વપ્રકાશક જ કહેવાય છે તેમ અભવ્યો, દુર્ભવ્યો, ભારે કર્મી જીવો તમારા દ્વારા જ્ઞાનનો પ્રકાશ ન પામે તેમનો ઉદ્ધાર ન થાય તો પણ પ્રભુ તમે વિશ્વોદ્ધારક જ છો.

હે વિશ્વોદ્ધારક, પતિતપાવન પ્રભુ ! મારી એક જ વિનંતી છે મને સંસાર સમુદ્રથી તારો પાર ઉતારો



હું આપની પાસે ધન, સ્ત્રી, કુટુંબ પરિવાર ત્રિલોકવર્તી યશઃકીર્તિની માંગણી નથી કરતો. મને એક જ વસ્તુ જોઈએ છે મારી એક જ પ્રાર્થના છે મને સંસારથી તારો-પાર ઉતારો-મુક્તિના કિનારે પહોચાડો. પ્રભુ ! સંસાર ખૂબ ઊંડો-ગહન જણાય છે, જન્મ-જરા-મરણોના અનંતદુઃખોથી ભરેલો છે, કષાયોના ઊંડાણવાળો છે. મોહના ભયંકર આવર્તો આ સંસારમાં છે રોગ-શોક-દરિદ્રતા-ચિંતા-ઈષ્ટવિયોગ-અનિષ્ટ સંયોગ વગેરે પારાવાર દુઃખોથી આ સંસાર ભરેલો છે. અનાદિકાળથી હું આ સંસારમાં રખડી રહ્યો છું, નિગોદ, નારકીના, ઘોરાતિઘોર દુઃખ મેં સહ્યા છે. એકેન્દ્રિય-વિકલેન્દ્રિય-પંચેન્દ્રિય તિર્યંચના ભવોમાં ભ્રમણ કરી પારાવાર યાતનાઓ સહી છે મનુષ્ય અને દેવના ભવોમાં પણ ભારે દરિદ્રતા અપમાનો ચિંતાઓ વગેરે માનસિક દુઃખો પણ સહન કર્યા છે પ્રભુ ! હું હવે આ, સંસારના પર્યટનથી થાકી ગયો છું....અનંતાનંત દુઃખોથી યુક્ત

સંસારના સ્વરૂપનું ચિંતન કરતા જ મને ગભરામણ થઈ જાય છે. સ્વામી ! દેવાધિદેવ પ્રભુ ! આપના ચરણોમાં વારંવાર નમસ્કાર કરીને હું મારા હૃદયથી વિનંતી કરુ છું, મને આ ભયંકર સંસારસમુદ્રથી તારો, ભવથી પાર ઉતારો, જે મુક્તિમાં આપે સ્થાન પ્રાપ્ત કર્યુ છે, ત્યાં મને પણ સ્થાન આપો. પ્રભુ મારા ગુણો– દોષોને જોશો નહિ, કેમકે હું દોષો અને દુર્ગુણોથી ભરેલો જ છું. ફરી ફરીને કુમારપાળ મહારાજાની આ સ્તુતિથી આપને વિનંતી કરું છે.

''भवजलनिधिमध्यान्नाथ ! निस्तार्य कार्यः,
शिवनगरकुटुम्बी निर्गुणोऽपि त्वयाऽहं।
न हि गुणमगुणं वा संश्रितानां महान्तो,
निरुपमकरुणार्द्राः सर्वथा चिन्तयन्ति।।''

અર્થ : ભવસમુદ્રમાંથી તારીને નિર્ગુણ એવા પણ મને હે નાથ ! શિવનગરનો આપનો કુટુંબી બનાવજો. નિરુપમ કરુણાથી આર્દ્રહૃદયવાળા મહાન પુરુષો આશ્રિતોના ગુણ કે દોષને સર્વથા વિચારતા નથી.



પ્રભુ ! સંસારમાં એક પિતા પણ પુત્રના ગુણ કે દોષને વિચાર્યા વિના તેને ઊંચે લાવવા પ્રયત્ન કરે છે. તિર્યંચો પણ પોતાના બચ્ચાને કંઈ પણ વિચાર્યા વિના પાળે છે, પોષે છે. તો આપ પણ મારા ગુણ– દોષને વિચાર્યા વિના જ મને આપની સાથે શિવનગરમાં (મોક્ષમાં) સ્થાન આપો !

અથવા આપ એમ કહેતા હોવ કે દોષોનો કે કર્મોનો નાશ કર્યા વિના મુક્તિમાં સ્થાન આપી શકાતુ નથી તો મારી વિનંતી છે કે મારા દોષોનું કે કર્મોનું પણ પ્રભુ આપ જ નિવારણ કરો.... કેમ કે અમારા સર્વ કર્મક્ષયમાં પણ હેતુ પ્રભુ ! તમે જ છો.

''निमील्य नेत्रे मनसः स्थिरत्वं,
विधाय यावज्जिन ! चिन्तयामि।
त्वमेव तावन्न परोऽस्ति देवो,
निःशेषकर्मक्षयहेतुरत्र।।''

–કુમારપાળ મહારાજા



जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

**અર્થ** : આંખો મીંચીને મનને સ્થિર કરીને પ્રભુ જ્યાં હું કંઈક વિચાર કરુ છું, ત્યાં મારા સર્વ કર્મક્ષયના હેતુભૂત પ્રભુ ! તમે જ જણાવ છો. બીજા કોઈ જણાતા નથી.

છેલ્લે પ્રભુ આપને એક પ્રાર્થના છે, દોષોનો નાશ કરીને કે કર્મોનો નાશ કરીને જે રીતે થાય તે રીતે પણ આપ મને સંસારમાંથી તારો અને મુક્તિના અનંત સુખમાં મ્હાલતો કરી દો, પ્રાણપ્યારા હે પ્રભુ ! બસ, તારા દાસની આટલી વિનંતી અવશ્ય સ્વીકારી કૃતાર્થ કરજે.

*મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી,*
*જેહશું સબળ પ્રતિબંધ લાગો;*
*ચમક પાષાણ જિન લોહને ખેંચશે,*
*મુક્તિને સહજ તુજ ભક્તિ રાગો ॥૬॥..ઋષભ૦*

શબ્દાર્થ :– પ્રભુ ! મારા મનમાં મુક્તિથી પણ



અધિક તારી ભક્તિ વસી ગઈ છે. તેની (ભક્તિ) સાથે બળવાન પ્રતિબંધ ઊભો થાય છે.

પ્રભુ ! ચમકનો પાષાણ (લોહચુંબક) જેમ લોઢાને ખેંચે છે તેમ તમારો ભક્તિરાગ મુક્તિને અવશ્ય ખેંચી લાવશે.

**વિશેષાર્થ** : આગલી ગાથામાં 'ભવજલધિ તારો' ની માંગણી કરી ભવજવલધિ તારો નો અર્થ જ મોક્ષ આપો એમ થયો. અન્યત્ર પણ પૂ. ઉપાધ્યાયજી મહારાજે પ્રભુને વિનંતી કરી છે, '**મુક્તિ સુખ આપજો આપ પદ થાપજો**' અહિં ઉપાધ્યાયજી મહારાજ વળી નવી વાત કરે છે. ઉપાધ્યાયજી મ. કહે છે કે ''પ્રભુ મુક્તિની ઈચ્છા હજી એટલી તીવ્ર થતી નથી, પરંતુ એક વાત નક્કી છે કે તમારી ભક્તિ મારા મનમાં અત્યંત વિશેષ પણે વસેલી છે. તમારી ભક્તિ મારા આત્માના પ્રદેશે પ્રદેશે વ્યાપ્ત છે. મને તમારી ભક્તિ જોડે પ્રતિબંધ (લગાવ) લાગ્યો છે. મને તમારી ભક્તિ વિના જરા પણ ચેન પડે તેમ નથી.

કવિઓ ઘણીવાર પ્રભુભક્તિમાં અતિશય લીન બની જાય છે ત્યારે ભાન ભૂલી જાય છે. કવિ ધનપાળે પણ પ્રભુભક્તિના ભાવના અતિરેકમાં ઋષભ પંચાશિકામાં વિશેષ વાત જણાવી છે.

''होही मोहुच्छेओ, तुह सेवाए धुव त्ति नंदामि।
जं पुण न वंदिअव्वो तत्थ तुमं तेण झिज्झामि।।''

**તમારી સેવાથી મોહનો નક્કી ઉચ્છેદ થશે તેથી આનંદ પામુ છું, પણ પછી ત્યાં (વીતરાગદશામાં, મુક્તિમાં) તમને વંદન નહીં થાય તેથી મુંઝાઉ છું.**

ધનપાળ કવિ કહે છે કે પ્રભુ તમારી ભક્તિથી મારી મુક્તિ નિશ્ચિત થઈ ગઈ છે. મારી મુક્તિને કોઈ પણ અટકાવી શકે તેમ નથી, કેમકે તમારી ભક્તિમાં મન-વચન-કાયા લીન થઈ ગયા છે. પણ પ્રભુ મને આ જ કારણે મોટી મુંઝવણ થાય છે. મૂંઝવણ એ છે કે મુક્તિમાં ગયા પછી તમને વંદન નહિં થાય. તમારી ભક્તિ નહીં થાય.



કવિઓને પ્રભુભક્તિની કેટલી લગની છે ?

હવે આગળ ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે પ્રભુ ! મારે મુક્તિની ચિંતા કરવાની જરૂર નથી, કેમકે તમારી ભક્તિ જ ગમે તે રીતે મુક્તિને ખેંચી લાવશે.

પ્રભુભક્તિ એ લોહચુંબક છે. **પાવરફુલ એવુ લોહચુંબક પણ જેમ થોડે દૂર રહેલા પણ લોખંડને ખેંચી લાવે તેમ પ્રભુભક્તિનો તીવ્ર ભાવ એ મુક્તિને તુરત જ ખેંચી લાવે છે.**

આ રીતે ઉપાધ્યાયજી મહારાજ આપણને પણ એક જ ઉપદેશ આપે છે. મુક્તિની ચિંતા ન કરશો એક માત્ર નિઃસ્વાર્થપણે, નિરાશંસપણે, શુદ્ધભાવથી પ્રભુભક્તિ કરતા જ રહો. મુક્તિ એની મેળે ખેંચાઈને આવશે. પ્રભુના ભક્તને કોઈ પણ જાતની ચિંતા કરવાની રહેતી નથી. સમ્યદૃષ્ટિ દેવો પણ પ્રભુના ભક્તને સહાય કરે છે અરે તમને ખબર નહી હોય પણ વર્તમાનના આચાર્યો સાધુઓ કે ચતુર્વિધ સંઘ



जैन साईट
JAINSITE.com
जैनम् जयति शासनम्

દેવદેવીઓને પ્રભુભક્તોની રક્ષા કરવા હંમેશ વિનંતી કરે છે. સંતિકરં ઘણા મહાત્માઓ કે શ્રાવક-શ્રાવિકાઓ રોજ યાદ કરે છે.

વળી પક્ખી પ્રતિક્રમણના અંતે પણ યાદ કરે છે. તેની ચોથી ગાથા નીચે પ્રમાણે છે.

''वाणी तिहुअणसामिणी, सिरिदेवी जक्खरायगणिपिडगा।
गहदिसीपाल सुरिंदा सयावि रक्खंतु जिणभत्ते।।''

અર્થ : **હે વાણી, (એટલે સરસ્વતી દેવી) ત્રિભુવનસ્વામિની દેવી, શ્રીદેવી, યક્ષરાજ ગણિપિટક, નવગ્રહ દેવો, દશદિક્પાલ દેવો, ચોસઠ ઈન્દ્રો ! તમે પ્રભુના ભક્તોની સદા રક્ષા કરજો !**

અહીં સૂરિમંત્રની પાંચ પીઠોના આ અધિષ્ઠાયકો બતાવ્યા છે. પ્રથમ **વિદ્યાપીઠ** છે, તેની અધિષ્ઠાયિકા **સરસ્વતી દેવી** છે. બીજી **મહાવિદ્યાપીઠ** છે, તેની અધિષ્ઠાયિકા **ત્રિભુવનસ્વામિ**ની દેવી છે, હજાર હાથવાળી તે દેવી માનુષોત્તર પર્વત પર વાસ કરે છે. ત્રીજી



**ઉપવિદ્યાપીઠ** છે તેની અધિષ્ઠાયિકા **શ્રીદેવી** (લક્ષ્મીદેવી) છે તે પદ્મસરોવર પર રહેનારી છે. ચોથી **મંત્રપીઠ** છે તેના અધિષ્ઠાયક સોળ હજાર યક્ષોના માલિક **યક્ષરાજ ગણિપિટક** છે. પાંચમી પીઠના અધિષ્ઠાયક ૧૨૮ દેવ-દેવીઓ છે. ચોસઠ ઈન્દ્રો, સોળ વિદ્યાદેવીઓ ચોવીશ ભગવાનના ચોવીશ યક્ષો, એ જ રીતે ચોવીશ યક્ષિણી થઈને કુલ **૧૨૮ અધિષ્ઠાયકો** પાંચમી પીઠના છે.

અહીં ચોથી ગાથામાં ૬૪ ઈન્દ્રોને લીધા, સોળ વિદ્યાદેવી, ચોવીશ યક્ષો, ચોવીશ યક્ષિણીઓને નામ લેવાપૂર્વક પાછળની ગાથાઓમાં યાદ કર્યા છે.

વિચારો ! પ્રભુના ભક્તોની રક્ષા માટે અનેક આચાર્યો, સાધુ-સાધ્વીઓ તથા શ્રાવક-શ્રાવિકાઓ સમ્યગ્દૃષ્ટિ દેવ-દેવીઓને પ્રાર્થના કરે છે. આ મહાપુરુષોની પ્રાર્થના કદી નિષ્ફળ જતી નથી. માટે સાર એ જ છે કે પ્રભુના અનન્ય ભક્ત બનો. સમ્યગ્દૃષ્ટિ દેવ-દેવીઓ તમારી રક્ષા કરશે.

આ વિશ્વમાં સૌથી વધારે તાકાત હોય તો પ્રભુ-ભક્તિની છે. કર્મગ્રંથમાં મનુષ્યને યોગ્ય શુભ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસ કોને બંધાય ? એ પ્રશ્નના જવાબમાં જણાવ્યુ છે કે નંદીશ્વર દ્વીપાદિમાં પ્રભુભક્તિ કરતાં દેવો મનુષ્યને યોગ્ય શુભ પ્રકૃતિઓ ઉત્કૃષ્ટ રસવાળી બાંધે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે પ્રભુ ભક્તિથી ઉત્કૃષ્ટ કોટિનું પુણ્ય બંધાય છે અને તે પણ શુભ અનુબંધવાળુ એટલે કે પુણ્યાનુબંધિ પુણ્ય.

જુઓ રાવણે અષ્ટાપદ પર પ્રભુભક્તિ કરતા તીર્થંકર નામ કર્મ બાંધ્યુ. કુમારપાળે અઢાર ફુલોથી પ્રભુપુજા કરતા અઢાર દેશનું રાજ્ય મળે તેવું પુણ્ય બાંધ્યુ, સાથે એવો શુભ અનુબંધ પડ્યો કે એ રાજ્યના ભોગવટા વખતે વિશેષ પ્રભુભક્તિના ભાવો જાગ્યા અને વિશેષ પ્રભુભક્તિ કરતા ગણધર નામકર્મ બાંધ્યુ. પ્રભુ મહાવીરની ભક્તિ કરવા માટે ફુલ લઈને આવતી ડોશી રસ્તામાં મૃત્યુ પામી પણ પ્રભુભક્તિના ભાવના કારણે દેવલોકમાં ગઈ, ત્યાંથી પ્રભુભક્તિ કરવા તે દેવ આવ્યો.



પ્રભુપૂજા કરતાં નાગકેતુ કેવળજ્ઞાન પામ્યા.

સુલસા, રેવતી નામની બંને શ્રાવિકાઓએ મહાવીર પ્રભુ પ્રત્યે ભક્તિના પ્રભાવથી તીર્થંકર નામકર્મ બાંધ્યુ. આવા તો અગણિત દૃષ્ટાંતો શાસ્ત્રોમાં છે, વર્તમાનમાં પણ અનુભવાય છે.

પ્રભુ ભક્તિથી ચઢીયાતું નહી પણ પ્રભુ ભક્તિની સમાન બીજૂ કોઈ અનુષ્ઠાન આ જગતમાં નથી પ્રભુ-ભક્તિ બહુમાનપૂર્વક કરવાની છે, વળી નિરાશંસપણે શુદ્ધ ભાવથી ભક્તિ કરતા કરતા પણ બહુમાન વધતુ જાય છે. બહુમાન વિનાની પ્રભુભક્તિ જોઈએ તેવું ફળ નહીં આપે.

જો કે પ્રભુભક્તિનું ઓછુવત્તુ ફળ મળ્યા વગર રહેવાનું નથી. ૧૪૪૪ ગ્રંથોના રચાયિતા પૂ. હરિભદ્રસૂરિ મ. જણાવે છે.

**''असर्वभावेन यदृच्छया वा परानुवृत्त्या विचिकित्सया वा।**
**ये त्वां नमस्यन्ति मुनीन्द्रचन्द्रास्तेप्यामरीं सम्पदमाप्नुवन्ति॥''**



जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

અલ્પભાવથી, ગમે તે રીતે, બીજાના આગ્રહથી વિચિકિત્સા (ફળની શંકા વગેરેથી) પણ **મુનીન્દ્રોમાં ચંદ્ર સમાન જીવો, જે તમોને નમસ્કાર કરે છે તે જીવો ઉત્તમ સંપદાને પામે છે.**

આમ પ્રભુ ભક્તિ કદિ પણ નકામી જતી નથી પરંતુ શુદ્ધ ભાવપૂર્વક અત્યંત બહુમાનથી જે પ્રભુ ભક્તિ કરાય છે તેનું ફળ અત્યંત મહાન છે. અરે ! પ્રભુ બહુમાન એ જ મોટામાં મોટુ સુખ છે.

કેવી રીતે એ વિચારીએ !

આ જગતમાં મોટામાં મોટુ સુખ ક્યું ? એ વિચારતા પૂર્વે દુનિયાના જીવોને જે સુખનો અનુભવ થાય છે તે વિચારીએ.

જીવોને સુખનો અનુભવ ક્યાં શી રીતે થાય તે વિચારીએ !

આ જગતમાં જીવોને સુખ છે તે રાગના ઘરનું છે. લાખોની કમાણી થાય ત્યારે આનંદ થાય છે.



સુખનો અનુભવ થાય છે. તેમાં કારણ ધન પ્રત્યેનો રાગ છે. જેને ધન પ્રત્યેનો રાગ નથી એને ધનની પ્રાપ્તિ થતા તેવો આનંદ થતો નથી. જે વસ્તુ પ્રત્યે રાગ છે તેની પ્રાપ્તિ અને સ્મરણમાં આનંદ આવે છે. સુખનો અનુભવ થાય છે. વળી જેમ જેમ વધુને વધુ કિંમતી વસ્તુ જણાય છે તેમ તેમ તેની પ્રાપ્તિમાં વધુ આનંદ થાય છે. જેમ પાણી કરતા દુધ મળે વધુ આનંદ, દુધ કરતાં દુધપાકની પ્રાપ્તિમાં વધુ આનંદ, તેના કરતાં શિખંડમાં વધારે આનંદ, તેથી કેરીના રસમાં વધુ આનંદ.

ચાંદીની પ્રાપ્તિ કરતા સોનામાં વધુ આનંદ (સુખ) સોનાની પ્રાપ્તિ કરતા માણેક-મોતીની પ્રાપ્તિમાં વધુ આનંદ, તેના કરતા હીરાની પ્રાપ્તિમાં વધુ આનંદ, હીરામાં પણ સાદા હીરા કરતાં કોઈ વિશિષ્ટ હીરામાં વિશેષ આનંદ.

સામાન્ય લખપતિપણા કરતા કરોડપતિપણામાં વધુ

આનંદ, કરોડપતિપણા કરતા અબજપતિપણામાં વિશેષ આનંદ, તેથી પ્રધાનપદમાં વધુ આનંદ તેથી વડાપ્રધાન–પદમાં વધુ આનંદ.

મનુષ્યપણામાં સામાન્ય રાજા કરતા બળદેવ વાસુદેવપણામાં (ત્રણ ખંડના અધિપતિપણામાં) વિશેષ આનંદ, તેના કરતાં ચક્રવર્તીપણામાં અધિક સુખ, તેથી દેવલોકમાં દેવપણામાં વધુ સુખ, સામાન્ય દેવપણાની પ્રાપ્તિ કરતા ઈન્દ્રપણામાં વિશેષ સુખ.

ઈન્દ્રોમાં પણ ભવનપતિ–વ્યંતર–જ્યોતિષના ઈન્દ્રપણા કરતા વૈમાનિક ઈન્દ્રપણામાં વિશેષ આનંદ, તેમાં પણ ઉપર ઉપરના દેવલોકની પ્રાપ્તિમાં વિશેષ આનંદ, એમ સૌથી વધુ સુખનો અનુભવ અનુત્તરવાસી દેવના ભવની પ્રાપ્તિમાં આવે છે. ભૌતિક સુખની આ ટોચ છે. આનાથી વધારે ભૌતિક સુખ ક્યાંય નથી.

વિચારો જેમ જેમ (વધુ મૂલ્યવાન) વધુને વધુ ઉચ્ચ વસ્તુ કે સ્થાનની પ્રાપ્તિ થાય તેમ સુખનો અનુભવ



વિશેષ થાય છે. વધુ ઉચ્ચ સુખનો અનુભવ થાય છે.....આ એક નિયમ થઈ ગયો.

**આ જગતની બધી જ મૂલ્યવાન વસ્તુ કરતા પણ અત્યંત શ્રેષ્ઠ હોય તો અરિહંત પરમાત્મા છે તો સૌથી શ્રેષ્ઠ એવા અરિહંત પરમાત્માની પ્રાપ્તિનો આનંદ કે સુખ કેટલુ બધુ હોય ?**

તેવી જ રીતે ગુરુની પ્રાપ્તિનો પણ આનંદ કે સુખ વિશિષ્ટ કોટીનું હોય છે. કુમારપાળ મહારાજા પણ પરમાત્માની સ્તુતિમાં છેલ્લે ઉપસંહારમાં આ બે વસ્તુની સર્વ શ્રેષ્ઠતા બતાવે છે.

''प्राप्तस्त्वं बहुभिः शुभैस्त्रिजगतः चूडामणिर्देवता,
निर्वाणप्रतिभूरसावपि गुरुः श्रीहेमचन्द्रप्रभुः।
तन्नातः परमस्ति वस्तु किमपीह स्वामिन्यदभ्यर्थये,
किन्तु त्वद्वचनादरः प्रतिभवं स्ताद्वर्धमानो मम।।''

અનુવાદ :

**પામ્યો છું બહુ પુણ્યથી પ્રભુ તને, ત્રૈલોક્યના નાથને,**



જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

**હેમાચાર્ય સમાન સાક્ષી શિવના, નેતા મળ્યા છે મને;**
**એથી ઉત્તમ વસ્તુ કાંઈ ન ગણું, જેની કરું માંગણી,**
**માંગુ આદર વૃદ્ધિ તો ય તુજમાં, એ હાર્દની લાગણી.**

ત્રણ જગતના ચૂડામણિ એવા તમે ખૂબ પુણ્યથી મળ્યા છો, મોક્ષ માર્ગના સાર્થવાહ એવા હેમચંદ્રસૂરિ મહારાજા પણ મળ્યા.

**આ વિશ્વમાં આનાથી વધુ શ્રેષ્ઠ વસ્તુ જ નથી કે જેની હું માંગણી કરુ....** મને જે મળેલ છે તેનાથી વધુ મુલ્યવાન વસ્તુ જ આ જગતમાં ન હોય તો પછી શેની યાચના કરવાની હોય ? અર્થાત્ **આપણને મળેલા દેવ-ગુરુથી આ જગતમાં કોઈ જ વધુ મૂલ્યવાન વસ્તુ નથી.**

છેવટે છેલ્લી પંક્તિમાં આ બે વસ્તુની જ વિશેષપણે માંગણી કરતા પરમાત્માને પ્રાર્થના કરે છે કે તમારા પર તથા તમારા વચન પરનો આદર વધતો જાય એમ કરજો.



તાત્પર્ય એ છે કે આજે દેવગુરુ મળ્યા પણ દેવ–ગુરુ પ્રત્યેનો ઉત્કૃષ્ટ આદરભાવ જેવો જોઈએ તેવો હૃદયમાં જાગ્યો નથી આપણે આપણા મન જોડે આ મોટી સ્ટ્રગલ (વિવાદ) કરવી જોઈએ.

હે મન ! આ જગતમાં જેમ જેમ મૂલ્યવાન વસ્તુ દેખાય છે તેમ તેમ તેના પર તારુ આકર્ષણ તારો રાગ વધતો જાય છે. તો પછી આ જગતના સર્વથી અધિક મૂલ્યવાન સર્વથી વધુ શ્રેષ્ઠ જેનાથી બીજી ચડિયાતી વસ્તુ જ જગતમાં નથી એવા દેવ–ગુરુ પ્રત્યે ઉત્કૃષ્ટ રાગ કેમ નથી થતો ? આપણી આ મોટી સમસ્યા છે એટલે છેવટે અહિં પ્રભુ પાસે એ જ માંગ્યું કે, **'આપના પર અને આપના વચન પર મારો રાગ વધતો જાય એમ પ્રભુ કરો.'**

પ્રભુ મળ્યા છો પણ આદર–બહુમાન રાગ જે અત્યંત જોઈએ તેવો નથી. તેથી તમે સામાન્યપણે મળ્યા છો. હવે ખૂબ આદર વધે એટલે તમે વિશિષ્ટરુપે મળ્યા ગણાશો.

અરિહંત પરમાત્મા કે ગુરુ ભગવંતો આ જગતની સર્વોત્તમ વ્યક્તિઓ (વસ્તુઓ) છે તો આપણને તેમની પ્રાપ્તિનો આનંદ સર્વોત્કૃષ્ટ કોટિનો થવો જોઈએ. **આ આનંદ એ જ મોટુ સુખ છે.**

તેથી જ પૂર્વે જણાવ્યુ કે પરમાત્મા પ્રત્યેનું અને ગુરુ પ્રત્યેનું બહુમાન એ જ જગતનું સર્વશ્રેષ્ઠ સુખ છે. આથી જ પંચસૂત્રમાં ગુરુબહુમાનને મોક્ષમાં અવંધ્યકારણ હોવાના કારણે જ મોક્ષ કહ્યો. વળી ગુરુ-બહુમાનથી સુંદર કોઈ પણ વસ્તુ નથી. એમ કહ્યું છે :-

**''न इओ सुंदरं परं, उवमा एत्थ न विज्जइ।''**

ગુરુ બહુમાનના સુખને જણાવવા માટે કોઈ ઉપમા આ વિશ્વમાં મળી શકે તેમ નથી (તેવુ અનુપમ છે) વગેરે જણાવ્યુ. આગળ વધતાં ત્યાં સુધી કહ્યુ કે ગુરુના બહુમાનના ભાવવાળો પરિણામવાળો, વર્ધમાન ગુરુબહુમાનની પરિણતિવાળા સાધુની પ્રત્યેક મહિને



તેજોલેશ્યા (એટલે **ચિત્તના સુખની પરિણતિ) દેવોના સુખને ઓળંગતી જાય છે છેલ્લે બાર મહિનાના અંતે અનુત્તરવાસી દેવની પણ તેજોલેશ્યા (ચિત્તના સુખની પરિણતિ)ને ઓળંગી જાય છે.**

અહિં પરમાત્માના બહુમાનને બદલે ગુરુબહુમાન જણાવ્યુ છે તેમાં અંતર્ગત પરમાત્માનું બહુમાન સમજી લેવાનું છે અથવા ગુરુબહુમાનથી પરમાત્મા પ્રત્યે બહુમાન ઉત્પન્ન થવાનું ટીકાકારે જણાવ્યુ છે. ''सुंदरत्वेन भगवद्बहुमानात्''ટીકાના આ શબ્દો જ ગુરુ બહુમાનથી પરમાત્માના બહુમાનની પ્રાપ્તિ થવાનું જણાવે છે.

અહીં ગુરુબહુમાનનો આટલો બધો મહિમા અને પ્રભાવના વર્ણનની પાછળ એક સ્પષ્ટ આશય જણાય છે કે ગુરુબહુમાન વિના પરમાત્મા પ્રત્યેના બહુમાનની પ્રાપ્તિ થતી નથી.

ગુરુબહુમાન વિના પરમાત્માનો સંયોગ પણ થતો નથી, આથી આજે કેટલાક એકાંતવાદીઓ જે ગુરુની



जैन साईट
JAINSITE .com
जैनम् जयति शासनम्

ઉપાસનારૂપી વ્યવહારનો લોપ કરીને એકાંત નિશ્ચય પર ભાર મૂકે છે. બસ ! મનને શુદ્ધ રાખો, આત્મદર્શન કરો, પરમાત્મદર્શન કરો વગેરે જણાવે છે તે તેમનો મત મિથ્યા છે **ગુરુના માધ્યમ વિના પરમાત્મતત્ત્વની પ્રાપ્તિ ત્રણે કાળમાં ક્યારેય થતી નથી.**

આ જણાવવા માટે પંચસૂત્રકારે ગુરુબહુમાનનો અત્યંત મહિમા બતાવ્યો છે.

આમ ટૂંકમાં દેવ અને ગુરુ સર્વશ્રેષ્ઠ છે તેથી તેમના પ્રત્યેના બહુમાનનો પરિણામ એ જ સર્વ શ્રેષ્ઠ સુખ છે. આપણે પણ જેમ જેમ દેવ-ગુરુ પ્રત્યેનું બહુમાન આદરભાવ ભક્તિ વગેરે વધારીશુ તેમ-તેમ મહાન આંતરિક સુખનો આનંદનો અનુભવ થશે.

અહીં બીજી એક મહત્ત્વની વાત વિચારવાની છે. પ્રભુ ભક્તિ બે પ્રકારની છે.

(૧) દ્રવ્યભક્તિ (૨) ભાવભક્તિ



દ્રવ્યભક્તિ એટલે પરમાત્માની ઉત્તમ દ્રવ્યોથી પૂજા, જિનમંદિરના નિર્માણ, જીર્ણમંદિરોના ઉધ્ધાર, પ્રતિમાજીના નિર્માણ વગેરે.....

ભાવ ભક્તિ એટલે પ્રભુની આજ્ઞાનું પાલન, સંયમ, બાર પ્રકારનો તપ, વગેરે દ્રવ્યભક્તિ કરતા ભાવભક્તિ બળવાન છે. કલિકાળસર્વજ્ઞ હેમચંદ્રસૂરિ મહારાજાએ પણ ફરમાવ્યુ છે.,

**''वीतराग ! सपर्यायास्तवाज्ञापालनं परम्।**
**आज्ञाराद्धा विराद्धा च, शिवाय च भवाय च।।''**

''હે વીતરાગ તમારી પૂજાથી તમારી આજ્ઞાનું પાલન શ્રેષ્ઠ છે. આજ્ઞાની આરાધના અને વિરાધના મોક્ષ માટે અને ભવ માટે થાય છે.''

પરમાત્માની આજ્ઞાની આરાધનાથી મોક્ષ.

પરમાત્માની આજ્ઞાની વિરાધનાથી સંસાર.

પરમાત્માની આજ્ઞાનું સ્વરૂપ પણ ત્યાં બતાવ્યુ-

''आकालमियमाज्ञा ते, हेयोपादेयगोचरा।
आश्रवो सर्वथा हेय, उपादेयश्च संवरः ।।''

હંમેશ માટે પ્રભુ ! તમારી હેય અને ઉપાદેય વિષયક આજ્ઞા એ છે કે આશ્રવ સર્વથા હેય છે, સંવર ઉપાદેય છે.

હેય = છોડવા લાયક, ઉપાદેય = આચરવા યોગ્ય. કષાય, યોગ, હિંસા, જુઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ, ક્રોધ વગેરે અઢાર પાપસ્થાનકોની પ્રવૃત્તિ એ બધા આશ્રવ છે.

આ આશ્રવનો નિરોધ એ સંવર છે, એટલે મહાવ્રતો, સંયમ, તપ વગેરે સંવર છે અને ઉપાદેય છે.

એટલે ઉત્તમ દ્રવ્યોથી પ્રભુની પૂજા વગેરે દ્રવ્ય-પૂજા કે દ્રવ્યભક્તિ છે.

ઉગ્ર સંયમ તપનું પાલન એ પરમાત્માની ભાવ-પૂજા છે. **ભાવપૂજાએ મુક્તિનું અનંતર કારણ છે.**



**દ્રવ્યપૂજા એ મુક્તિનું પરંપર કારણ છે. દ્રવ્યપૂજાથી કર્મોનો ક્ષયોપશમ પ્રાપ્ત થતા ભાવપૂજાની પ્રાપ્તિ થાય છે અને તેથી મોક્ષ મળે છે.**

દ્રવ્યપૂજા એ ભાવપૂજાનું કારણ છે. દ્રવ્યપૂજા એ શ્રાવકોને હોય છે ભાવપૂજા સાધુઓને હોય છે. શ્રાવકોને ભાવપૂજા પણ સંભવે છે કેમકે તેઓ પણ સામાયિક-પ્રતિક્રમણ, પૌષધાદિ કરે છે. તથા પરમાત્માની સ્તવના, વંદના, જાપ, સ્તોત્રપાઠ કરે છે. તે બધુ ભાવપૂજા છે. પરમાત્માની ઉત્તમ દ્રવ્યોથી પૂજા વગેરે કરે છે એ દ્રવ્યપૂજા છે.

સાધુઓને પુષ્પાદિનો સ્પર્શ પણ કલ્પતો નથી. તેથી સાધુઓને દ્રવ્યપૂજાનો નિષેધ છે. પણ પરિપૂર્ણ અહિંસામાં નથી પ્રવર્તી શકતા તેવા શ્રાવકો માટે દ્રવ્યપૂજા યોગ્ય જ છે. કહ્યુ છે.

''अकसिणपवत्तगाणं विरयाविरयाणं एस खलु जुत्तो।
संसारपयणुकरणो दव्वथए कूवदिट्ठंतो ।।''



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

અપૂર્ણ પ્રવર્તક એટલે પરિપૂર્ણ અહિંસાદિનું પાલન નહી કરી શકનારા આરંભાદિકમાં રહેલ વિરતાવિરત એટલે શ્રાવકોને સંસારને પ્રતનુ (અલ્પ) કરનાર એવો આ દ્રવ્યસ્તવ કૂવાના દૃષ્ટાંતથી ઉચિત છે. અહીં કૂવાનું દ્રષ્ટાંત આ પ્રમાણે છે તૃષાની શાંતિ તથા મેલને દૂર કરવા પાણીની જરૂરિયાત છે. આ પાણીની જરૂરિયાત માટે લોકો કૂવો ખોદે છે. અહિં કૂવો ખોદતા શ્રમના કારણે ઘણી તૃષા લાગે છે. ધૂળ વગેરેથી શરીર અને વસ્ત્રો પણ વધુ મલિન થાય છે. થાક લાગે છે આમ છતા કૂવો ખોધ્યા પછી જે પાણી મળે છે તેનાથી હંમેશ માટે તૃષા શાંત થાય છે. અને વળી શરીર અને વસ્ત્રની મલિનતા પણ દૂર થાય છે. તથા સ્નાન વગેરેથી થાક ઉતરે છે.

તૃષાતુર અને મલિન શરીરવાળા માટે તૃષા અને શરીર-વસ્ત્રાદિની મલિનતા વધારનાર કૂવો ખોદવાનો શ્રમ અનુચિત નથી પણ પછીથી વિપુલ પ્રમાણમાં



પાણીની પ્રાપ્તિથી હંમેશ માટે તૃષા શાંત થવાના અને મેલ દૂર થવાના, થાક ઉતરવાના કારણે એ પ્રવૃત્તિ અત્યંત ઉચિત છે.

એ જ રીતે સંસારના આરંભ-સમારંભના આશ્રવ કરનાર શ્રાવકોને પણ જિનમંદિર નિર્માણ, પ્રતિમા-નિર્માણ, જિનપૂજા વગેરે દ્રવ્યસ્તવની પ્રવૃત્તિ દ્વારા ચારિત્રબહુમાન પ્રભુબહુમાનના ઉત્તમ ભાવો તથા એ દ્વારા ચારિત્ર મોહનીય કર્મના ક્ષયોપશમથી સંયમની પ્રાપ્તિ થતા સંપૂર્ણ પાપારંભોનો ત્યાગ થાય છે, કર્મની નિર્જરા થાય છે આત્માની મલિનતા ઘટે છે. તેથી વિરતાવિરત એવા શ્રાવક માટે દ્રવ્યસ્તવ દ્રવ્યભક્તિ ઉચિત જ છે. **આશ્રવનો સંપૂર્ણ ત્યાગ કરનાર એવા સાધુને તો પુષ્પાદિની સ્પર્શના પણ ઉચિત ન હોવાના કારણે દ્રવ્યસ્તવ (દ્રવ્યપૂજા) ઉચિત નથી. તેઓને ભાવપૂજા જ હોય છે.**

અહિં એ પણ વિશેષતા ધ્યાનમાં રાખવાની છે

કે સાધુને દ્રવ્યસ્તવ એ કરવાનો નિષેધ છે પણ કરાવણ અને અનુમતિ (કે અનુમોદન) નો નિષેધ નથી, સંમત છે, તેથી સાધુઓ **દ્રવ્યસ્તવ પોતે ન કરવા છતા શ્રાવકોને તે માટે ઉપદેશ આપી કરાવે છે. વળી ગૃહસ્થે કરેલા દ્રવ્યસ્તવની (પૂજા, આંગી, ચૈત્યનિર્માણ, જીર્ણોદ્ધાર, પ્રતિમાનિર્માણ વગેરેની) મુનિઓ અનુમોદના પણ કરે.**

અહિં આમ ભક્તિનો અત્યંત મહિમા પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાએ આ ગાથામાં પ્રદર્શિત કર્યો. હવે આગળ પ્રભુ ભક્તિમાં લીન એવા શરીર, જીભ અને હૃદયને પણ ધન્ય બતાવવા માટે ફરમાવે છે.

***ધન્ય તે કાય જેણે પાય તુજ પ્રણમિયા,***
***તુજ થુણે જેહ ધન્ય ધન્ય જિહ્વા;***
***ધન્ય તે હૃદય જેણે તુજ સદા સમરતા,***
***ધન્ય તે રાત ને ધન્ય દિહા..॥૭॥ ઋષભ૦***

**શબ્દાર્થ** : હે પ્રભુ ! તમારા ચરણકમળમાં જેણે



પ્રણામ કર્યા છે તે કાયા પણ ધન્ય છે. તારી સ્તવના કરી છે તે જીભ પણ ધન્ય બની ગઈ અને તારુ સ્મરણ કરી રહેલ હૃદય પણ ધન્ય છે, વળી જે સમયે તારુ સ્મરણ કર્યુ તે દિવસો કે રાત્રિઓ પણ ધન્ય છે.

**વિશેષાર્થ** : અનાદિ અનંત કાળથી જીવ કાયાઓને ધારણ કરતો આવ્યો છે. આજ સુધીમાં અનંતી કાયા જીવે ગ્રહણ કરી છે. અનંતી કાયા જીવે છોડી છે. કાયાઓ ગ્રહણ કરવાનું અને મૂકવાનું આ ચક્ર અનાદિકાળથી ચાલુ છે. દેવલોકમાં દિવ્ય-કાયાઓને પણ જીવે ધારણ કરી અને તે પણ છોડી. કાયાની મૂર્ચ્છા પણ જીવને એવી છે કે દરેક ભવમાં (નરક સિવાય) જીવને કાયા ન છૂટકે છોડવી પડી છે. આવી અનંતી કાયાઓ લીધી ને મૂકી પણ એ બધી જ કાયાઓ નકામી ગઈ છે. એક પણ કાયા સફળ નથી થઈ, કારણ કે આ કાયાઓથી પ્રભુની ભક્તિ થઈ



जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

નથી અને તેના જ કારણે સંસારના પર્યટનો, ભયંકર દુઃખો ચાલુ રહ્યા છે. કલ્યાણમંદિરમાં પાર્શ્વપ્રભુની સ્તવના કરતા જણાવ્યુ છે કે....

''नूनं न मोहतिमिरावृतलोचनेन,
पूर्वं विभो ! सकृदपि प्रविलोकितोऽसि।
मर्माविधो विधुरयन्ति हि मामनर्थाः,
प्रोद्यत्प्रबन्धगतयः कथमन्यथैते।।''

હે નાથ ! મોહના અંધકારથી આવૃત એવી આ આંખો હોવાથી મેં પૂર્વે એકવાર પણ આપને જોયા નથી. અન્યથા મર્મને ભેદી નાખે તેવા તીવ્ર ગતિવાળા અનર્થો મને કેમ પીડી રહ્યા છે ?

પૂર્વભવોમાં શરીરોને ધારણ કર્યા પણ પ્રભુના દર્શન કર્યા નહિ. કાયાથી પરમાત્મભક્તિ થઈ નથી. તેથી તે કાયા નકામી ગઈ પણ મારુ આ જીવન સફળ થયુ મારી કાયા ધન્ય બની ગઈ કેમકે આ મનુષ્યભવની કાયાથી પ્રભુ તને પ્રણામ થયા. **તમારા**



**ચરણકમળમાં આ કાયા નમી માટે જ આ કાયા ધન્ય બની ગઈ છે.** અરે ! માત્ર મારી જ નહીં પણ જે જીવોએ તમને કાયાથી પ્રણામ કર્યા, વંદન કર્યા, નમસ્કાર કર્યા, તે કાયાઓ પણ ધન્ય બની ગઈ છે તે કાયાઓ પવિત્ર બની ગઈ.

હવે જિહ્વાની વાત વિચારીએ. આજ સુધી જીભે બે કામ કર્યા છે. (૧) રસના આસ્વાદનનું (૨) બોલવાનું

આ બંને કાર્યો દ્વારા જીભે આત્માને મલિન કર્યો છે. રસાસ્વાદમાં લીન બનેલ જિહ્વાએ ક્યારેક ઘોર કર્મ બંધાવી જીવને છેક નરક સુધી મોકલ્યો છે. એમ કહેવાય છે કે માછલાઓને ખાવાનો રસ ઘણો હોય છે. અને અન્ય માછલાઓનું ભક્ષણ કરતા તે મત્સ્યો નરકાદિમાં જાય છે. બીજાની વાત શું કરીએ ? કંડરિક મુનિ જેને ચારિત્ર લઈ હજાર વર્ષ તપ કર્યો પણ તપથી કાયા કૃશ થઈ, તેનો ઉપચાર કરવા ભાઈ પુંડરિક રાજાએ પોતાના રાજ્યમાં રાખી ઉત્તમ દ્રવ્યોથી તેમના

ઉપચાર કર્યા. દ્રવ્ય (શરીરનો ) રોગ દૂર થયો. પણ ખાનપાન પરની આસક્તિનો ભાવરોગ મનમાં પેસી ગયો. સંયમ છોડ્યુ, આકંઠ રસકસભર્યા ભોજન કર્યા. રાત્રે રૌદ્રધ્યાનમાં ચઢીને મૃત્યુ પામીને ૭મી નરકમાં ગયા.

રસનાએ આપણને કેટ-કેટલા ભટકાવ્યા છે ? બીજુ કાર્ય રસનાનું જે ભાષાપ્રયોગ. તેમાં પણ રસનાએ જીવનું કેટલું બધુ નિકંદન કાઢી નાંખ્યુ છે. સ્વાર્થ ખાતર આ રસનાથી મૃષાવચનો બોલીને જીવે કેટલા કર્મ બાંધ્યા ? કેટલી બધી દુર્ગતિઓ પ્રાપ્ત કરી. વસુ રાજાએ 'અજ' શબ્દનો અર્થ જે ગુરુએ (ડાંગર) ચોખા કર્યો હતો, તેને વિપરીત રીતે રજુ કરીને તાત્કાલિક દેવકોપ મેળવ્યો. મૃત્યુ પામી ૭ મી નરકે ગયો. ! ઉપદેશપદમાં પણ વાણીના દુરુપયોગના ફળ બતાવેલ છે.



**''अइकुहिय छाणभक्खणपरायणो एरिसो इमो होही।**
**जो नियजीहाए पयंपिऊण चुक्कत्तणं वहइ।।''**

અર્થ : જો પોતાની જીભથી બોલેલું ફેરવી નાખીશ (બોલેલું વચન નહીં પાળે) તો આ અત્યંત કોહાયેલા છાણને ભક્ષણ કરતો આવો કીડો થઈશ.

વળી જિહ્વાએ પણ અન્યોની નિંદા કરી કેવા પાપ બાંધ્યા છે. નિંદાપરાયણ જીહ્વાએ મહાપુરુષોને પણ છોડ્યા નથી. દેવ-ગુરુ-ધર્મ-સાધાર્મિક-સંઘ વગેરેની નિંદા કરી ગાઢ પાપો બાંધ્યા છે. ચિકણા અને નિકાચિત કર્મ એવા બાંધ્યા છે કે જે ભોગવતા જીવને ખૂબ જ ભારે પડી ગયુ છે. આપણે પણ ભૂતકાળમાં આવા નિંદાના પાપોથી છાણના કીડા જ માત્ર નહીં પણ જિહ્વા વિનાના અનેક એકેન્દ્રિયાદિ ભવોને પામ્યા છીએ.

અરે ! નારકીમાં પરમાધામીઓએ ''આ જીભથી તેં મહાપુરુષોની નિંદા કરી હતી'' એમ કહીને આપણી



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

જીભ ખેંચી કાઢી છે, છેદી નાંખી છે. ઘણા દુઃખો વેઠ્યા પછી પરમાત્માની પ્રાપ્તિ થઈ છે. અને કંઈ ભાગ્ય જાગ્યુ ત્યારે જ આ જ સુધી નિંદાથી અપવિત્ર થયેલ જિહ્વાએ પ્રભુની સ્તવના કરી અને જીભ પવિત્ર બની ધન્ય બની અને **હવે તો એવો નિર્ધાર કર્યો છે કે જે જીભથી પ્રભુના ગુણ ગાયા છે તે જીભને હવે કોઈનાય દોષો બોલીને અપવિત્ર કરવી નથી.** મલિન કરવી નથી.

ખરેખર જીહ્વા ! તું ધન્ય બની ગઈ, કે તેં પ્રભુની સ્તવના કરી. અરે માત્ર જીહ્વા જ પવિત્ર નથી થઈ પણ પ્રભુની સ્તવના કરવા દ્વારા આ જિહ્વાએ આત્માને પવિત્ર કર્યો. પાપો દૂર કર્યા. કુમારપાળ બત્રીશીમાં જણાવ્યું છે....

**''तव स्तवेन क्षयमङ्गभाजां भजन्ति जन्मार्जितपातकानि।**
**कियच्चिरं चण्डरूचेर्मरीचि-स्तोमे तमांसि स्थितिमुद्वहन्ति।।''**

**અર્થ** : પ્રભુ ! તમારી સ્તવનાથી અનેક જન્મોમાં



ભેગા કરેલા પાપકર્મો નાશ પામે છે. સૂર્યના કિરણો પ્રસરતા અંધકાર ક્યાં સુધી રહી શકે?

પરમાત્માની ભાવપૂર્ણ સ્તવનાની આ એક મહાન શક્તિ બતાવી છે. **સૂર્યનો પ્રકાશ થતાની સાથે અંધકાર વિલય પામે છે. તેમ પરમાત્માની ભાવપૂર્ણ સ્તવના થતાંની સાથે અશુભકર્મો, તેના અનુબંધો વગેરે નાશ પામે છે.**

માટે ભયંકર કર્મોના નાશને કરનાર એવી પરમાત્માની સ્તુતિ કરતી જિહ્વા પણ ધન્ય છે.

હવે હૃદયની વાત કરે છે ''ધન્ય તે હૃદય જેણે તુજ સદા સમરતા...''

શરીરનું મહત્ત્વનું અંગ છે હૃદય......હૃદય બધુ જ લોહી શુદ્ધ કરી શરીરની નાડીઓમાં મોકલે છે. હૃદય બંધ પડતા જ પ્રાણ ચાલ્યા જાય છે.

આધ્યાત્મિક જગતમાં પણ હૃદયનું સ્થાન ખૂબ જ મહત્ત્વનું છે. લગભગ દરેક ધર્મમાં હૃદયમાં પ્રભુનું

ધ્યાન કરવાનું સૂચન કરેલ છે. હૃદયમાં નવ પાંખડીવાળા કમળની કલ્પના કરી તેમાં નવકારના નવ પદ અથવા શ્રી સિદ્ધચક્રમાં આવતા નવપદનું ધ્યાન કરાય છે. હૃદયમાં ''अर्हं'' પદનું, ''ॐ''નું, ''ह्रीँ''નું વગેરે અનેક પ્રકારે ધ્યાન કરાય છે. યોગીઓએ હૃદયમાં અનાહત ચક્ર માનેલ છે. હૃદયકમલમાં આ રીતે શુભ આલંબનોનું ધ્યાન કરવાથી ઘણા લાભો થાય છે. તેથી જ યોગશાસ્ત્ર વગેરેમાં હૃદયમાં નવપદોને સ્થાપન કરીને ૧૦૮ નવકારનો જાપ કરનારને ભોજન કરવા છતા ઉપવાસનું ફળ બતાવ્યુ છે વળી યોગશાસ્ત્રમાં કહ્યું છે કે....

''ततोऽविद्या विलीयन्ते विषयेच्छा विनश्यति।
विकल्पा विनिवर्तन्ते ज्ञानमन्तर्विजृम्भते।।''

હૃદયમાં મનને રાખવાથી...

૧) અવિદ્યા ઓગળી જાય છે, એટલે મિથ્યાત્વનો નાશ થાય.



૨) વિષયોની ઈચ્છા (તૃષ્ણા) દૂર થઈ જાય છે.
૩) સંકલ્પ -વિકલ્પો દૂર થાય છે.
૪) આત્મામાં જ્ઞાનની વૃદ્ધિ થાય છે.

હૃદય જાપ-ધ્યાન વગેરે માટે શ્રેષ્ઠ આલંબન છે. યોગીઓ હૃદયમાં અક્ષરોની કલ્પના કરીને જાપ કરે છે. યોગીઓ હૃદયમાં પરમાત્માની પ્રતિમાઓની કલ્પના કરીને ધ્યાન કરે છે.

જેમ હૃદયમાં વચ્ચે કર્ણિકા તથા ચાર બાજુ ચાર પાંખડીની કલ્પના કરી તેમાં ક્રમશઃ કર્ણિકામાં શંખેશ્વર પાર્શ્વનાથ. પ્રભુ તેની ઉપર (આ પૂર્વ દિશા ગણાય) કલિકુંડ પાર્શ્વનાથ, જમણી બાજુ સ્તંભન પાર્શ્વનાથ, નીચે નવલખા પાર્શ્વનાથ (પાલી), સામી બાજુ સેરિસા પાર્શ્વનાથ આમ પાંચ પાર્શ્વનાથ પ્રભુની સ્થાપના કરી, દરેક પાર્શ્વનાથ પ્રભુ પાસે ઉવસગ્ગહરંની એક એક ગાથા ગણાય. આ રીતે ઉવસગ્ગહરંનો જાપ તથા પ્રતિમાઓનું ધ્યાન ખૂબ ફળદાયી બને. અહિં જે પાંચ



જૈન સાઈટ JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

પાર્શ્વનાથ ભગવાન બતાવ્યા છે તેમાં દરેક ઠેકાણે પોતાના અતિપરિચિત એવા બીજા પાર્શ્વનાથ ભગવાન પણ સ્થાપન કરી શકાય છે. વળી પાંચ ઠેકાણે રહેલા પાંચ પાર્શ્વનાથ ભગવાનનું ધ્યાન પણ થઈ શકે છે. આ જ રીતે ''ॐ, अर्हं, ह्रीँ''કાર વગેરે મંત્ર બીજોને પણ હૃદયમાં સ્થાપન કરી શકાય છે.

તમે હૃદયમાં વચ્ચે કર્ણિકા અને ચાર દિશા તથા ચાર વિદિશામાં નવકારના પદ અથવા નવપદના પદો (ચાર વિદિશામાં નવકારમાં ''एसो पंचनमुक्कारो'' વગેરે અને નવપદજીમાં ''नमो दंसणस्स'' વગેરે પદો આવે છે.) સ્થાપન કરો છો ત્યારે તમે તમારા હૃદયના મધ્યમાં ત્રણ કાળના અનંત અરિહંતોને સ્થાપન કરો છો. એ જ રીતે ચાર પાંખડીમાં અનંતસિદ્ધો, ત્રણે કાળના અનંત આચાર્યોને, અનંત ઉપાધ્યાયોને, અનંત સાધુઓને સ્થાપન કરો છો. આ રીતે ત્રણે કાળના પાંચે પરમેષ્ઠીઓ (સર્વ પરમષ્ઠીઓ) તમારા હૃદયમાં



આવી જાય છે. તમારું હૃદય કેટલુ બધુ નિર્મળ થાય એ વિચારજો.

આ વિશ્વના સર્વ મહાન તત્ત્વો તમારા હૃદયમાં આ રીતે નવકારનો જાપ કે ધ્યાન કરતા આવી જાય છે !

વળી આપણે જાણીએ છીએ કે હૃદય લોહીને શુદ્ધ કરી આખા શરીરમાં પહોંચાડે છે એટલે પંચપરમેષ્ઠીથી વાસિત થઈ સઘળુ લોહી તમારા આખા શરીરમાં પ્રસરી જાય છે. પછી તમારા શરીરમાં રોગો વગેરે ક્યાંથી રહી શકે ? તમારુ આખુ શરીર તમને હલકુ લાગશે ! સ્ફુર્તિવાળુ લાગશે. પ્રસન્ન લાગશે એટલુ જ નહિ આ પરમેષ્ઠીના ધ્યાનથી વાસિત થયેલુ તમારુ લોહી મગજમાં પેસે એટલે મગજ અર્થાત્ મન પણ પ્રસન્ન થાય છે. બે ભ્રકુટિની વચ્ચે મન રહેલ છે. યોગીઓ અહિં આજ્ઞાચક્ર હોવાનું જણાવે છે. વળી અહીં હૃદયમાં કર્ણિકા અને ચાર દિશાઓની પાંદડીમાં

ચાર પદ થઈ કુલ પાંચ પરમેષ્ઠીની સ્થાપના થયા પછી વિદિશામાં રહેલા ચાર પદોના પ્રથમ બે પદના ધ્યાન દ્વારા સર્વ પાપોનો નાશ થઈ રહ્યો છે એમ જાણવાનું છે અને છેલ્લા બે પદો દ્વારા શ્રેષ્ઠ મંગલનું ધ્યાન આપણા હૃદયમાં સ્થાપન થઈ જાય છે.

હૃદયમાં આ રીતે સ્થાપનાપૂર્વક નવકારના જાપ અને ધ્યાનનું ઘણું જ મહાન ફળ મળે છે. અહીં નવકારના ઠેકાણે નવપદજીના ધ્યાનમાં પાંચ પદ તો સરખા જ રહે છે, બાકીના ચાર પદ ''ॐ ह्रीँ णमो दंसणस्स'' વગેરેની સ્થાપના થાય છે ''ॐ ह्रीँ णमो दंसणस्स'' દ્વારા ક્ષાયિકાદિ ત્રણ સમ્યક્ત્વની હૃદયમાં સ્થાપના થાય છે. ''दंसण'' એટલે સમ્યક્ત્વ એટલું જ નહીં ગુણ અને ગુણીના અભેદ દ્વારા શ્રેણિક મહારાજા કૃષ્ણ મહારાજા વગેરે ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવો સુલસા રેવતી વગેરે નિર્મળ સમ્યક્ત્વધારી અનેક સમ્યગ્દૃષ્ટિ શ્રાવક-શ્રાવિકાઓ, અરે ! અસંખ્ય ઈન્દ્રાદિ



સમ્યગ્દૃષ્ટિ દેવો, અસંખ્ય સમ્યગ્દૃષ્ટિ નારકીઓ સંખ્યાતા સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો વગેરેની સ્થાપના હૃદયકમળમાં થાય છે. તેવી જ રીતે ''नमो नाणस्स'' પદ દ્વારા કેવળજ્ઞાન, મન:પર્યવજ્ઞાનાદિ પાંચે જ્ઞાન તથા કેવલ-જ્ઞાનીઓ ગણધરો, પૂર્વધરો, બહુશ્રુત આચાર્યો, જ્ઞાની એવા શ્રાવક-શ્રાવિકાઓની પણ હૃદયમાં સ્થાપના થાય છે. ''नमो चारित्तस्स'' દ્વારા સામાયિક-છેદોપસ્થાપનીય, પરિહાર-વિશુદ્ધિ, સૂક્ષ્મ-સંપરાય, યથાખ્યાત આમ પાંચે પ્રકારના ચારિત્રની હૃદયકમળમાં સ્થાપના થાય છે. એટલું જ નહિ ઉગ્રસંયમી મહાત્માઓ વગેરે સર્વ સાધુઓની સ્થાપના થાય છે.

''नमो तवस्स''દ્વારા બાહ્ય અભ્યંતર બાર પ્રકારનો તથા અવાંતરભેદ ગણતા અનેક પ્રકારના એવા તપની અને તપસ્વી મહાત્માઓની સ્થાપના થાય છે. આજે મહાવિદેહક્ષેત્રમાં ૮ મહિનાના ઉપવાસ કરનાર મહાત્માઓ કે શ્રાવક-શ્રાવિકાઓ પણ છે. ઉપરાંત ગુણરત્નસંવત્સર-



જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

તપ, સિદ્ધિતપ, શ્રેણિતપ, વરસીતપ, માસક્ષપણાદિ તપો તેમજ તે તપને કરનાર સર્વે તપસ્વીઓ આપણા હૃદયમાં પધારે છે. આ તો બાહ્ય તપ અને તેમાં પણ એક અણસણની જ ગણત્રી કરી. પણ બીજા પણ ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ, સંલીનતા વગેર બાહ્યતપ, પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન, કાઉસગ્ગ એમ છ અભ્યંતર તપોની તથા તે તે તપ કરનાર પુન્યાત્માઓની આપણા આત્મામાં સ્થાપના થાય છે.

આ તો સ્થૂલ દૃષ્ટિથી માત્ર વર્તમાનકાળની વાત કરી ઉક્ત ચાર પદોના ધ્યાન દ્વારા ત્રણે કાળના સર્વ સમ્યગ્દૃષ્ટિ જીવો, સમ્યગ્જ્ઞાની જીવો સંયમી આત્માઓ તપસ્વી આત્માઓ આપણા હૃદયકમળમાં કે તે દ્વારા આત્મામાં પ્રવેશે છે અને આપણે ન્યાલ થઈ જઈએ છીએ.

આમ હૃદય એ આપણા આત્માનું કેટલુ મહાન



સ્થાન છે. ઉપર કહ્યા મુજબ હૃદયમાં આ મહાન પવિત્ર તત્ત્વો અને ઉત્તમ આત્માઓને સ્થાપન કરી તેમનું સ્મરણ, જાપ, ધ્યાન વગેરે કરીને આપણે આત્માને ગુણોથી ભરી દઈ શકીએ છીએ અને દોષોનો નાશ કરી શકીએ છીએ. પુણ્યના પુંજને પ્રાપ્ત કરી શકીએ અને પાપના પુંજોનો નાશ કરી શકીએ છીએ.

હવે અહીં સ્તવનની પંક્તિનો અર્થ વિચારીએ. મહોપાધ્યાયજીના પ્રભુની આગળ ઉદ્‌ગાર નીકળી પડે છે- **પ્રભુ ! જે હૃદયમાં તમારુ સદા સ્મરણ થાય છે એ અમારુ હૃદય પણ ધન્ય બની જાય છે.**

આથી એક વિશેષ વાત કરી કે પ્રભુનુ સ્મરણ હૃદયથી કરો. હૃદયના ભાવથી કરો. **શૂન્ય હૃદયથી થતુ પ્રભુ સ્મરણ વિશેષ લાભદાયી નહીં બને.** પરમાત્માની હૃદયથી ભક્તિ થાય તે ભાવભક્તિ ગણાય છે. હૃદય-શૂન્યભક્તિ એ દ્રવ્યભક્તિ કહેવાય છે. પ્રભુનું હૃદય થકી થતું સ્મરણ અત્યંત મહત્ત્વનું છે.

હજી આગળ કહે છે. ''ધન્ય તે રાત ને ધન્ય દિહા'' પ્રભુ જે દિવસે કે રાત્રે તમને પ્રણામ થયા. તમારી સ્તુતિ થઈ, તમારુ હૃદયમાં સ્મરણ થયુ તે દિવસો અને રાત્રિઓ પણ ધન્ય બની ગયા, સફળ બની ગયા. જીવનભર માટે યાદગાર બની ગયા. અહિં કાયાથી પ્રણામ એટલે કાયયોગ, જીભથી સ્તવના એટલે વચનયોગ અને હૃદયથી સ્મરણ એટલે મનોયોગની વાત આવી. આમ મનોયોગ-વચનયોગ-કાયયોગ ત્રણે યોગ પરમાત્માની ભક્તિમાં જોડાઈ જતા ભાવભક્તિ થઈ.

તીવ્ર ભાવવાળી ભક્તિ થઈ જેનું અદ્‌ભુત ફળ જીવને પ્રાપ્ત થાય છે. વળી, અહીં ત્રણે યોગથી થતી ભક્તિની અથવા ભક્તિમાં જોડાયેલ ત્રણે સાધનો-કાયા વાણી અને મનની અનુમોદના કરાતા અનુબંધવાળા શુભકર્મોનો બંધ થાય છે, જેના કારણે આ ભક્તિની પરંપરા આગળ વધે છે વધુને વધુ ઉત્કૃષ્ટ યોગોથી ભક્તિ થવા માંડે છે જે નિર્વાણ પદ સુધી પહોંચાડે



છે. અનુમોદનાથી અનુબંધ પુષ્ટ થવાનું શાસ્ત્રકારોએ ઠેરઠેર જણાવ્યુ છે. અશુભ પાપોની અનુમોદનાથી પાપાનુબંધ પુષ્ટ થાય છે. તે રીતે શુભ પુણ્યકાર્યોની અનુમોદનાથી પુણ્યાનુબંધ પુષ્ટ થાય છે. આ રીતે **ત્રણે યોગથી પ્રભુભક્તિ કરતો જીવ પુણ્યાનુબંધિ પુણ્યને હાંસલ કરી સાધનામાં આગળ વધતો છેક મુક્તિના સ્થાને પહોંચે છે.**

*ગુણ અનંતા સદા તુજ ખજાને ભર્યા,*
*એક ગુણ દેત મુજ શું વિમાસો;*
*રયણ એક દેત શી હાણ રયણાયરે*
*લોકની આપદા જેણે નાસો....॥૮॥ ઋષભ૦*

**શબ્દાર્થ** : પ્રભુ ! તમારા આત્મારુપી ખજાનામાં અનંતા ગુણો ભરેલા છે. એમાંથી એક ગુણ આપવામાં આપ શું વિચારો છો ? જેનાથી લોકની આપદા નાશે તેવુ એક રત્ન આપવામાં સમુદ્રને શું હાનિ થાય?

**વિશેષાર્થ** : ''પરમાત્મા ! તમારા આત્મામાં અનંતા



जैन साईट JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

ગુણરત્નો ભર્યા છે.'' જગતમાં જેટલા ગુણો છે તે બધા જ પ્રભુમાં છે એક પણ ગુણ બાકી નથી.

**પરમાત્માના ગુણો અનંતા છે. પરમાત્માની શક્તિ પણ અનંત છે. પ્રભુની કરુણા પણ અનંત છે.**

કલ્યાણ કલ્પદ્રુમ નામની પ્રભુસ્તુતિમાં દિગંબર આચાર્ય શ્રીમદ્ વાદિરાજસૂરિ મ. એક શ્લોકમાં સુંદર વાત બતાવે છે...

''लोकस्यैकस्त्वमसि भगवन् ! निर्निमित्तेन बन्धु-
स्त्वय्यैवासौ सफलविषया शक्तिरप्रत्यनीका।
भक्तिस्फीतां चिरमधिवसन्मामिकां चित्तशय्यां,
मय्युत्पन्ने कथमिव ततः क्लेशयूथं सहेथाः ।।''

અર્થ : હે ભગવંત ! તમે સમસ્ત વિશ્વના નિર્નિમિત્ત (કારણ વિના જ) બંધુ છો.

તમારામાં કોઈ પણ પ્રતિકાર ન કરી શકે તેવી બધા જ વિષયની શક્તિ છે.



ભક્તિથી પ્રકાશિત મારા ચિત્તરુપી શય્યામાં લાંબા ટાઈમથી વસતા એવા તમે મારા વિષે ઉત્પન્ન થયેલ ક્લેશોના સમૂહને કેવી રીતે સહન કરી શકશો ?

કેટલી સુંદર વાત આ પ્રભુ સ્તુતિના શ્લોકમાં કરી છે (૧) ભગવાન સમસ્ત વિશ્વના (આખી દુનિયાના) નિર્નિમિત્ત બંધુ છે. નિર્નિમિત્ત કોઈ પણ જાતના કારણ વિના ભાઈ છે...આ જગતમાં એક માતા-પિતાના પુત્રો બંધવ કહેવાય છે તે સિવાય દૂરના સગા અથવા કોઈકે કઈ કાર્ય કર્યું હોય ઉપકાર કર્યો હોય તો તે બંધવ ગણાય છે. પ્રભુને જગતના જીવો જોડે એક માતા-પિતાના પુત્ર તરીકેનો સબંધ નથી, તેમજ કોઈ જીવોએ પ્રભુ પર ભૂતકાળમાં ઉપકાર કર્યો નથી. આમ છતા પ્રભુ બધા પ્રત્યે બંધુ જેવુ જ વર્તન કરે છે. અન્યત્ર પણ પ્રભુને નિષ્કારણ બંધુ કહેલ છે.

**જગતના સર્વ જીવો પ્રત્યે કોઈ પણ બાહ્ય સંબંધ વિના જ પ્રભુ બંધુ કરતા પણ અધિક સ્નેહ રાખે**

**છે.** અરે ! પ્રભુ પોતાના પર અપકાર કરનાર ઉપર પણ સામો ઉપકાર કરે છે, જુઓ એક રાત્રિમાં ભયંકર વીસ ઉપસર્ગો કરનારા અને છ મહિના સુધી ભગવંતને નિર્દોષ આહાર પણ પ્રાપ્ત ન કરવા દેનાર તથા અન્ય ઉપસર્ગો કરનાર સંગમદેવ જ્યારે પાછો સ્વર્ગમાં ગયો ત્યારે દેવાધિદેવ વીર પરમાત્માની આઁખમાંથી કરુણાના આંસુ નીકળી ગયા.

મરુભૂતિના ભવથી માંડી પ્રત્યેક ભવમાં પ્રભુના પ્રાણ લેનાર કમઠને પ્રભુએ સમ્યક્ત્વ આપ્યુ.

પાર્શ્વનાથ પ્રભુ પ્રથમ ભવે મરુભૂતિ પુરોહિતપુત્ર છે. મોટા ભાઈ કમઠે માથા પર પથ્થરનો પ્રહાર કરી મારી નાંખ્યા. બીજા ભવમાં સર્પ થયેલા તેણે પ્રભુના જીવ હાથીને ડંખ દઈ મારી નાખ્યા હાથીપણામાં સમાધિપૂર્વક મૃત્યુ પામી દેવલોકમાં જઈ વિદ્યાધર રાજવી થયા, ચારિત્ર લીધુ, જંગલમાં કાઉસગ્ગધ્યાને રહ્યા. ત્યાં સર્પનો (કમઠનો) જીવ નરકાદિમાં રખડી પુનઃ



સર્પ થઈ આવ્યો પ્રભુને ડંખ દઈ હણી નાંખ્યા. સમાધિપૂર્વક કાળધર્મ પામી દેવલોકમાં જઈ પુનઃ વિદ્યાધર રાજા થયા. ચારિત્ર લઈ જંગલમાં કાઉસગ્ગ ધ્યાને રહેલા પ્રભુના જીવ વિદ્યાધર મુનિને નરકાદિમાં ભમીને ભીલ થયેલ કમઠના જીવે બાણ મારી મારી નાખ્યા. સમાધિપૂર્વક કાળધર્મ પામી દેવલોકમાં જઈ પ્રભુ સુવર્ણબાહુ ચક્રવર્તિ થયા. છ ખંડનું સામ્રાજ્ય છોડી ચારિત્ર લીધુ. જંગલમાં કાઉસગ્ગ ધ્યાને રહેલા ચક્રવર્તિમુનિને નરકાદિમાં ભમીને સિંહ થયેલ કમઠના જીવે ઉપસર્ગો કર્યા. પટકી પાડ્યા. તેમના લોહી પીધા. પ્રાણ લીધા.

દરેક ભવમાં પ્રતિપક્ષી ઉપસર્ગો વખતે પ્રભુના જીવે સામા જીવની એક માત્ર કરુણા જ ચિંતવી કર્મને બાંધતા એ જીવની બિચારાની શું દશા થશે ? એ વિચારથી વ્યથિત થયા. ચક્રવર્તિ મુનિ કાળધર્મ પામી દેવલોકમાં જઈ છેલ્લા દશમાં ભવે પાર્શ્વનાથ પ્રભુ તરીકે



જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

પ્રસિદ્ધ ત્રેવીશમાં તીર્થંકર થયા. સિંહનો જીવ નરકમાં જઈ ભવોમાં ભટકી મનુષ્ય થઈ કમઠ તાપસ થયો. અજ્ઞાન તપ તપીને કાળધર્મ પામી દેવલોકમાં અસુરનિકાયમાં મેઘમાળી દેવ થયો. ચારિત્ર લીધેલ પરમાત્મા પર મરણાંત ઉપસર્ગો કર્યા.

સામાન્ય માણસ મૃત્યુ પામે તેવા ઘોર ઉપસર્ગો કરી છેલ્લે ઘનઘોર આકાશ વિજળીના ભયંકર તાંડવો અને મુશળધાર વર્ષામાં પ્રભુને ગળા સુધી ડુબાડી દીધા. ધરણેન્દ્રે આવીને માથા પર છત્ર ધર્યુ. ઉપસર્ગ દૂર કર્યો પ્રભુની રક્ષા કરી અને અવધિજ્ઞાનથી ઉપસર્ગ કરનાર મેઘમાળીને જાણી ખૂબ ઠપકો આપ્યો. ભયભીત થયેલ મેઘમાળી દેવ પ્રભુના શરણે ગયો. જરા પણ ક્રોધ નહિ, વિષાદ નહિ, પણ અત્યંત કરુણાસભર પ્રભુની મુદ્રા જોઈ. જાણે પ્રભુ પોતાની મુખમુદ્રાથી કહી રહ્યા હતા ''કમઠ ! તું ઠેકાણે આવી ગયો. તેં વેરને દૂર કર્યુ સારુ થયુ, ભયંકર કર્મબંધથી તું અટકી



ગયો. !'' પરમાત્માની પ્રસન્નમુદ્રા કરુણાસભર દૃષ્ટિ જોઈ પોતાના પાપનું પશ્ચાતાપ કરતા કમઠ સમ્યગ્દર્શન પામી ગયો.

**પાર્શ્વ પ્રભુએ છેક મરુભૂતિના ભવથી પાંચ વાર પ્રાણોનો નાશ કરનાર અને છેલ્લા ભવમાં પણ દિવ્ય શક્તિથી પ્રાણાંત ઉપસર્ગ કરનાર ભયંકર અપરાધી એવા પણ કમઠને સમકિત આપ્યુ, આ છે દેવાધિદેવ અરિહંત પરમાત્માઓની અનુપમ અવર્ણનીય અનંત કરુણા .**

આ કરુણા જગતના જીવ માત્ર પર છે. એમાં કાંઈ ભેદભાવ હોતા નથી. સંસારની નિર્ગુણતાનું ચિંતન કરતા તીર્થંકર દેવો આ જગતના સર્વ જીવો પણ આ અસાર સંસારથી છુટી જન્મ - મરણના ચક્રને હંમેશ માટે ભેદી અનંત સુખ પામે તેનું પણ સાથે ચિંતન કરતા હોય છે.

**પ્રભુની જગતના જીવો પરની વિશિષ્ટ કરુણા**

**ભાવદયાનું કારણ તેમનું વિશિષ્ટ કોટિનું તથાભવ્યત્વ હોય છે.**

તેમનું ભવ્યત્વ (મોક્ષમાં જવાની પાત્રતાને ભવ્યત્વ કહેવાય છે) જ એવુ વિશિષ્ટ કોટિનું હોય છે કે છેલ્લા ત્રીજા ભવે વિશ્વના સર્વ જીવો પ્રત્યે અતિ વિશિષ્ટ કોટિની ભાવદયાનું ચિંતવન થાય છે. ચિંતવન માત્ર થાય છે તેવુ નથી પણ તેને લગતી શક્ય પ્રવૃત્તિ પણ થાય છે અને આના જ કારણે તીર્થંકર નામકર્મ નિકાચિત થાય છે.

ઉપદેશપદમાં સ્પષ્ટ કહ્યુ છે ''**अत्रैव चिन्तावैचित्र्ये तथाभव्यत्वमेव हेतुः।**'' આ વિશિષ્ટ કોટિની ચિંતા (જીવો પ્રત્યેની ભાવદયા)માં તથાભવ્યત્વ જ કારણ છે.

પરમાત્માની કરુણાની જેમ પરમાત્માનો વૈરાગ્ય ગૃહસ્થપણામાં કે છદ્મસ્થપણામાં ગજબનો હતો. ચક્રવર્તિપણામાં કે દેવલોકમાં કે ઈન્દ્રપણામાં પ્રભુનો વૈરાગ્ય જાજ્વલ્યમાન હતો. દેવલોકમાં દિવ્ય ભોગોમાં



તેઓ સદા ઉદાસીનપણે રહેતા. દેવલોકમાં પણ અન્ય દેવોને પ્રતિબોધ કરતા, તીર્થંકરોના કલ્યાણકોમાં ભાગ લેતા. નંદીશ્વર દ્વીપ આદીમાં યાત્રાર્થે જઈ જિનભક્તિ મહોત્સવ કરતા, વિહરમાન દેવાધિદેવના સમવસરણમાં જઈને વાણીનું પાન કરતા, વિહારાદિમાં તેઓની સુખશાતા પુછતા, દિવ્યભોગોમાં તેઓને આનંદ નથી આવતો પણ પરમાત્માની ભક્તિ વગેરે આ બધા યોગોમાં અત્યંત આનંદથી પ્રવૃત્ત થતા અને બીજાને પણ પ્રવૃત્ત કરતા આનંદ આવતો.

છેલ્લા ભવમાં પ્રભુ બાળપણથી જ વૈરાગી રહેતા. ઈન્દ્રો દેવો વગેરે કરોડોની સંખ્યામાં એકત્રિત થઈ પ્રભુના મેરુ પર્વત પર અભિષેક વગેરે કરતા ત્યારે પણ પ્રભુને જરા પણ ઉત્કર્ષ થતો નહિ. સંસારમાં પાણિગ્રહણ પણ નિકાચિત કર્મોના ઉદયને કારણે જ કરવા પડતા અને સંસારના ભોગમાં પણ એવો અનાસક્તિભાવ અને વૈરાગ્ય રહેતો કે તેમાં પણ તેઓ



જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

નિકાચિત કર્મની નિર્જરા કરતાં (આ દાખલો બીજાઓએ લઈ શકાય નહી.)

દીક્ષા લીધા પછી કેવળજ્ઞાન સુધી છદ્મસ્થપણામાં પણ પ્રભુમાં ઉચ્ચ કોટિનો વૈરાગ્ય રહેતો. તેઓ ઉગ્ર ચારિત્રની સાધના કરતા હોય છે. ભારંડ પક્ષીના જેમ અપ્રમત્ત ચારિત્ર પાળતા તેઓ દ્રવ્ય ક્ષેત્ર-કાળ અને ભાવના પ્રતિબંધથી રહિત વિચરતા....

પરમાત્મામાં આ ઉપરાંત પણ ક્ષમા, નિરહંકાર, નિઃસ્પૃહતા, સંયમનો રંગ, પરિષહ-ઉપસર્ગમાં સ્થિરતા, અંતર્મુખતા વગેરે અગણિત ગુણો હતા. પ્રભુ ગુણોના ભંડાર હતા. આ તો છદ્મસ્થપણાના ગુણોની વાત થઈ. કેવળજ્ઞાન થતા તો સર્વગુણ સંપૂર્ણપણે પ્રગટ થઈ જાય છે. કેમકે ગુણોના આવારક મોહનીય કર્મનો દશમા ગુણસ્થાનકના અંતે સંપૂર્ણ નાશ થઈ ગયો હોય છે. બારમા ગુણસ્થાનકે પ્રભુ વીતરાગદશાને પ્રાપ્ત કરે છે તુરત જ બાકીના જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને



અંતરાય આ ત્રણ કર્મો ક્ષય થતા જ તેરમાં ગુણસ્થાનકે પ્રભુ કેવળજ્ઞાની અને કેવળદર્શની બને છે.

કેવળજ્ઞાન અને કેવળદર્શન એટલે જગતના સર્વ પદાર્થોની ત્રણે કાળની અવસ્થાને જાણવાની અને જોવાની. જેમ આરિસામાં સામે રહેલ વસ્તુનું પ્રતિબિંબ પડે છે તેમ પરમાત્માના નિર્મળ આત્મામાં ત્રિકાલિક જગતનું પ્રતિબિંબ પડે છે. હવે પ્રભુને કોઈ પણ વસ્તુનું અજ્ઞાન નથી ત્રણે કાળના સર્વ દ્રવ્યોના સર્વ ભાવોનો પ્રભુને પ્રતિસમય સાક્ષાત્કાર છે. પૂ. કલિકાલસર્વજ્ઞ પ્રભુની સ્તુતિમાં ''**अम्लानकेवलादर्शसङ्क्रान्तजगतं स्तुवे**'' કહેવા દ્વારા આ જ વાતનું સૂચન કરે છે. જેમના નિર્મળ એવા કેવલજ્ઞાનરૂપી આરિસામાં જગત સંક્રાન્ત થાય છે તેવા પ્રભુની સ્તવના કરું છુ. ત્રણે કાળનું એક પણ જ્ઞેય (જ્ઞાનનો વિષય) એવો નથી જે પ્રભુના જ્ઞાનમાં ન હોય.

તીર્થંકર ભગવંતોને વીતરાગતા પછી કેવલજ્ઞાન

થતાની સાથે ઈન્દ્રોના સિંહાસન કંપાયમાન થાય છે. અવધિજ્ઞાનથી પ્રભુના કેવલજ્ઞાનને જાણીને ઈન્દ્રો આનંદપૂર્વક ઈન્દ્રસભામાં જ સિંહાસન પરથી ઊભા થઈ સાત–આઠ ડગલા આગળ વધી નીચા નમી ભૂમિ પર મસ્તક લગાડી ત્રણ વાર પ્રણામ કરે છે, પછી જમણો પગ નીચે સ્થાપન કરી ડાબો પગ ઊંચો રાખી ભાવપૂર્વક શક્રસ્તવ (નમુત્થુણં) સૂત્ર દ્વારા પરમાત્માની સ્તુતિ કરે છે. પુનઃ સિંહાસનમાં બિરાજમાન થઈ સુઘોષા ઘંટા વગડાવી સમસ્ત દેવલોકમાં પરમાત્માના કેવલજ્ઞાનની વાત પ્રગટ કરાવીને ઈન્દ્ર વિમાન વિકુર્વી દેવો સાથે પરમાત્માના કેવળજ્ઞાન સ્થળે પહોંચે છે. પરમાત્માની સ્તવના કરે છે ચોસઠ ઈન્દ્રો આવે છે. કરોડો અબજો કે અસંખ્યાતા દેવો આવે છે. પરમાત્માની દેશના માટે એક યોજન લાંબા પહોળા સમવસરણની રચના કરે છે વચ્ચે **સિંહાસન** રચે છે. પ્રભુ સમવસરણમાં પૂર્વદિશા સન્મુખ બેસે છે, ત્રણે દિશામાં પ્રભુના પ્રતિબિંબની દેવો રચના કરે છે, ''**કોડિ દેવ મીલ**



**કર ન શકે, એક અંગુષ્ઠ રૂપ પ્રતિચ્છંદ**'' કરોડો દેવો ભેગા થઈને જે પ્રભુના એક અંગુઠા જેટલું રૂપ પણ વિકુર્વી શકતા નથી તે જ દેવો અહીં ત્રણે દિશામાં સાક્ષાત્ પ્રભુના જેવા જ રૂપને વિકુર્વે છે, તેમાં પ્રભુનો જ પ્રભાવ છે. પરમાત્માના મસ્તકની પાછળ હજારો સૂર્યથી વધુ તેજસ્વી **ભામંડલ,** ઉપર **ત્રણ છત્ર,** પાછળ **અશોકવૃક્ષ,** આગળ **ચામર** વીંઝતા ઈન્દ્રો, આકાશમાં **દેવદુંદુભિ** વગાડતાં દેવો, દેવો દ્વારા **પુષ્પની વૃષ્ટિ, દિવ્ય ધ્વનિ** અને સોનાથી બનેલુ અને રત્નોથી જડેલુ સિંહાસન આ આઠ પ્રભુના પ્રાતિહાર્ય છે.

**''अशोकवृक्षः सुरपुष्पवृष्टिर्दिव्यध्वनिश्चामरमासनं च।**
**भामण्डलं दुन्दुभिरातपत्रं सत्प्रातिहार्याणि जिनेश्वराणाम्।।''**

**અશોકવૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ, દિવ્યધ્વનિ, ચામર, સિંહાસન, ભામંડલ, દુંદુભિ, આતપત્ર (છત્ર) જિનેશ્વર ભગવંતોના પ્રાતિહાર્ય છે.**

અષ્ટ પ્રાતિહાર્ય યુક્ત પ્રભુ સિંહાસન પર બેસી



जैन साईट
JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

દેશનાના ધોધ વરસાવે છે જેમાં લીન બની અનેક ભવ્ય જીવો પ્રતિબોધ પામે છે. પરમાત્મા તેઓને ચારિત્ર આપી સાધુ–સાધ્વી બનાવે છે. કેટલાય જીવો શ્રાવક શ્રાવિકા બને છે, કેટલાય સમ્યક્ત્વ પામે છે, વિશિષ્ટ યોગ્યતાવાળા મુનીઓને (ગણધરોને) પ્રભુ ત્રિપદી આપે છે જેના આધારે તેઓ દ્વાદશાંગીની રચના કરે છે. આમ અહિં શ્રુતધર્મની અને ચારિત્રધર્મની શરુઆત થાય છે. ચતુર્વિધ સંઘની સ્થાપના થાય છે.

**શાસનની પરંપરા આગળ વધે છે, શાસનની સ્થાપના એ જ પ્રભુનો સૌથી મોટો જગત પર ઉપકારછે.**

શાસનથી સંસાર સાગર તરાય છે માટે શાસનને તીર્થ પણ કહેવાય છે અને પ્રભુ શાસનના સ્થાપક હોવાથી તીર્થંકર કહેવાય છે.

આમ જીવો પ્રત્યે પ્રભુની કરુણા અનંત છે.

આમ પ્રભુના ગુણો અનંત છે.

આમ પ્રભુનો પ્રભાવ પણ અનંતો છે. નામસ્મરણ કરવા માત્રથી જીવોના વિઘ્નો નાશ પામે છે. દુર્ગતિઓ



અટકી જાય છે. સદ્ગતિ અને પરંપરાએ મુક્તિ પણ નિકટ થઈ જાય છે. જીવનની અંતિમક્ષણે પણ પરમાત્માને યાદ કરતા જે જીવો પરલોકમાં પ્રયાણ કરે છે તેઓ અવશ્ય સદ્ગતિને પામે છે. ઉવસગ્ગહરં સ્તોત્રની ત્રીજી ગાથામાં ભદ્રબાહુસ્વામીએ સ્પષ્ટ કહ્યુ છે કે...

**''चिट्ठउ दूरे मंतो तुज्झ पणामो वि बहुफलो होइ।**
**नरतिरिएसु वि जीवा पावंति न दुक्खदोगच्चं।।''**

પ્રભુ ! મંત્ર (બીજી ગાથામાં ''विसहर फुलिंग'' મંત્રની વાત કરી છે) દૂર રહો, તમને કરેલો પ્રણામ પણ બહુ ફળવાળો છે. મનુષ્ય–તિર્યંચ જીવો પણ દુઃખ અને દુર્ગતિને પામતા નથી.

આ ગાથાની ટીકામાં પૂ. જિનસુંદરસૂરિ મહારાજાએ ખૂબ વિસ્તાર કર્યો છે,.

**''टीका :- प्रणाम इत्येकवचनं च ज्ञापयति यदेकोऽपि नमस्कारो बहुफलो भवति, किं पुनस्ते बहुशः प्रयुक्ताः ।**

**येन जन्तुना भगवन्तं प्रति एको नमस्कारोऽपि विशुद्धश्रद्धया विहितः, सोऽवश्यं सम्यग्दृष्टिः, स च देवेष्वेव उत्पद्यते। 'सम्मदिट्ठी जीवो विमाणवज्जं न बंधए आउं' इति वचनात्। यदि च कदाचित् पूर्वबद्धायुष्कतादिहेतुना भवपारम्पर्येण वा नरेषु तिर्यक्षु वाऽसावुत्पत्तिमासादयति तदापि भगवन्नमस्कार-प्रभावादेव न दुःखभाजनं भूयो भजते (भवति).''** – જિનપ્રભસૂરિકૃત ઉવ.ગા.૩ની ટીકા

ટીકાર્થ :– ''તુજ્ઝ પણામો'' અહિં પ્રણામ એક–વચન કહેલ છે તેથી જણાય છે કે (પરમાત્માને કરેલો) એક નમસ્કાર પણ ઘણા ફળને આપનાર છે તો પછી ઘણા નમસ્કારો કર્યા હોય તેનુ શું કહેવું? તેનુ અત્યંત ફળ મળે છે.

જે પ્રાણીએ વિશુદ્ધશ્રદ્ધાથી પ્રભુ પ્રત્યે એક નમસ્કાર પણ કરેલ છે તે અવશ્ય સમ્યગ્દૃષ્ટિ છે અને તે દેવગતિમાં જ ઉત્પન્ન થાય છે કેમ કે 'સમ્યગ્દૃષ્ટિ જીવ (મનુષ્ય) વૈમાનિક દેવલોક સિવાય બીજુ આયુષ્ય



બાંધતો નથી ' એવુ શાસ્ત્રવચન છે. પૂર્વે આયુષ્ય બંધાઈ ગયેલુ હોય વગેરે કારણે અથવા ભવપરંપરાએ કદાચ મનુષ્ય કે તિર્યંચોમાં ઉત્પન્ન થાય તો પણ પરમાત્માને કરેલા નમસ્કારના પ્રભાવથી તે વારંવાર દુ:ખનું ભાજન થતો નથી. દિગંબરાચાર્ય વાદિરાજસૂરિ પણ આ જ વાત બતાવે છે કે પ્રભુ તમે જગતના સર્વજીવોના નિર્નિમિત્તક બંધુ છો. વળી સમસ્ત જગતમાં તમારો કોઈ પ્રતિકાર ન કરી શકે તેવી શક્તિ છે એટલે પ્રભુ! તમે અજેય છો વળી મારા મનરુપી શય્યા, જે ભક્તિના પ્રકાશથી ઉજ્જ્વળ છે તેમાં તમે રહેલાં છો, આનો અર્થ એ થયો કે ભક્તિ દ્વારા ભગવાન હૃદયમાં વસેલા છો. હવે મારા મનમાં ઉત્પન્ન થયેલા ક્લેશોના સમૂહને આપ કેવી રીતે સહન કરી શકશો ? અર્થાત્ સઘળા ક્લેશોનો તમે શીઘ્ર નાશ કરી નાખશો, એમ મારી દૃઢ શ્રદ્ધા છે. પ્રભુ મનમાં આવ્યા પછી ક્લેશો મનમાં રહી શકતા નથી. **ચંદનના વનમાં એક**



જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

**મોરના ટહુકારથી ચંદન વૃક્ષોને વીંટળાયેલા બધા જ સર્પો તુરંત જ ભાગી જાય છે. તેમ જ ભાવપૂર્વક જિનભક્તિના એક ટહુકાથી હૃદયમાં રહેલા બધા જ સંક્લેશો નાશ પામે છે.** અર્થાત્ અંતરમાં રહેલા કામ, ક્રોધ, માન, મદ, માયા, લોભ, રાગ–દ્વેષ, મત્સર વગેરે સર્વ દુષ્ટ ભાવો નાશ પામી જાય છે.

અહિં ઉપાધ્યાયજી મહારાજ પ્રભુને પ્રાર્થના કરે છે કે અનંતગુણો રૂપી રત્નો આપના ખજાનામાં પડ્યા છે, એક ગુણ મને આપવામાં શું વિચાર કરો છો? અથવા એક ગુણ મને આપવામાં આપને શું તકલીફ છે ? આપ એક ગુણ આપશો તો પણ મારુ કામ થઈ જશે ! લાખ રુપિયા કોઈની પાસેથી ઉછીના લઈ વ્યાપાર શરુ કરનાર હોંશિયાર વ્યાપારી જેમ લાખ રૂપિયામાંથી કરોડો અને અબજો રૂપિયા એકત્રિત કરે છે એમ આપ મને એક ગુણ આપશો તો તેમાંથી હું આપની જ કૃપાથી અનંતાગુણો ઉત્પન્ન કરી લઈશ.



એ પુરુષાર્થ પ્રભુ મારે કરવાનો છે. પણ એક ગુણ મને આપીને શરુઆત આપે કરવાની છે તમારા ખજાનામાં અનંતગુણો રુપી રત્નો પડ્યા છે તો પછી એક ગુણ આપવામાં શું ઓછું થઈ જવાનું છે ? સમુદ્રમાં હજારો રત્નો હોય છે તેમાંથી એક રત્ન આપવામાં સમુદ્રમાં કંઈ ઓછુ થતુ નથી, અને જેને એક રત્ન મળે તે સમૃદ્ધ થઈ જાય છે, એટલું જ નહિ પણ તે સમૃદ્ધિથી એ આત્મા પરાર્થ કરીને લોકોના પણ દુ:ખોના નાશ કરે છે. એ રીતે પ્રભુ! આપ મને એક ગુણ આપશો તો હું અભ્યંતર રીતે સમૃદ્ધ થઈ જઈશ એના દ્વારા અનેક ગુણોનું અર્જન કરીશ અને મારા તે ગુણો માત્ર મારા સ્વાર્થ માટે નહિ બને પણ પરમાર્થમાં પણ નિમિત્તભૂત થશે. એ ગુણો દ્વારા હું અનેકને પ્રભુ ! તમારુ શાસન પમાડી સમૃદ્ધ કરીશ. જીવો પર પણ ઉપકાર થશે. ગુણ વિના મારુ જીવન માત્ર દોષોથી જ ભરેલુ હશે તો મારાથી શું પરાર્થ

થવાનો ? પરાર્થ કરવાનું લોકની આપદાઓનો નાશ કરવાનું જો કોઈ પણ શ્રેષ્ઠ સાધન હોય તો આત્મશુદ્ધિ છે, આત્મામાં ગુણોનો વાસ છે. માટે પ્રભુ મારા પર કૃપા કરો આપના ગુણરૂપી ખજાનામાંથી મને એકાદ પણ શ્રેષ્ઠ ગુણનું દાન કરો આપનો ઉપકાર હું કદિ પણ ભુલીશ નહી.

*ગંગ સમ રંગ તુજ કીર્તિ કલ્લોલિની*
*રવિ થકી અધિક તપ તેજ થાજો,*
*શ્રીનયવિજય વિબુધ સેવક હું આપનો*
*જસ કહે અબ મોહે બહુ નિવાજો.. ॥૯॥*

**શબ્દાર્થ** : પ્રભુ ! તમારી કીર્તિ ગંગાના ઉછળતા પાણીના જેવી નિર્મળ છે. તપનું તેજ સૂર્યથી પણ અધિક શોભે છે. વાચકવર નયવિજય ગુરુનો શિષ્ય હું આપનો સેવક છું. યશોવિજય કહે છે પ્રભુ, હવે મને બહુ નિવાજો...

**વિશેષાર્થ** : આ છેલ્લી કડીમાં પ્રભુની વિશેષતા



બતાવી છેલ્લે પ્રભુને ઉપાધ્યાયજી મ. પોતાના માટે પ્રાર્થના કરે છે.

જો કે આજે ગંગા નદી દૂષિત થઈ ગઈ છે. એટલે પૂર્વકાળની અપેક્ષાએ આ વાત સમજવાની, હિમાલયના ગિરિશૃંગમાં થઈ વહેતી આવતી ગંગા નદી ભારતમાં વહી રહી છે. એમાં ઉછળતા મોજા (કલ્લોલ) કેવા નિર્મળ અને સુંદર દેખાય છે.આની ઉપમા આપીને પૂ. ઉપાધ્યાયજી જણાવે છે કે પરમાત્માની કીર્તિના મોજા પણ નિર્મળ છે વળી સમસ્ત ત્રણ લોકમાં વ્યાપ્ત છે. ઉર્ધ્વલોકમાં બાર દેવલોકના વૈમાનિક ઈન્દ્રો દેવો, અનુત્તર દેવો નવગ્રૈવેયકના દેવો એ સર્વેમાં તમારી કીર્તિ ફેલાયેલી છે. અનુત્તરવાસી અને નવગ્રૈવેયકના દેવો ત્યાં બેઠા-બેઠા પણ આપના ગુણ ગાઈ રહ્યા છે. બાર દેવલોકના દેવો પણ સ્વયં દેવલોકમાં આપના ગુણ ગાય છે. ચારે બાજુ સમ્યદૃષ્ટિ કે સમ્યક્ત્વાભિમુખ દેવો આપના ગુણ ગાતા કે આપના યશોગાન કરતા ધરાતા જ નથી. વળી તેઓ દોડીદોડીને



જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

આપના સમવસરણમાં આવી આવીને આપના ગુણ ગાય છે. ઈન્દ્રો વગેરે આપની ખૂબ સુંદર વર્ણોમાં ભાવવાહી સ્તુતિ કરે છે. એ જ રીતે નીચે અધોલોકમાં ભવનપતિદેવોના ભવનોમાં પણ પરમાત્માની કીર્તિ ફેલાયેલી છે. ત્યાં પણ ઈન્દ્રાદિ દેવો પરમાત્માના યશને, પ્રભાવને ફેલાવી રહ્યા છે. આજે પણ નાગનિકાયના ઈન્દ્ર ધરણેન્દ્ર પાર્શ્વનાથ પ્રભુના ઉપકારથી પોતે સર્પમાંથી ઈન્દ્ર બન્યા છે એટલે તેમની પ્રભુભક્તિ એટલી બધી છે કે પાર્શ્વનાથ પ્રભુના નામ-સ્તોત્રાદિનું સ્મરણ કરનારને સહાય કરે છે, અનિષ્ટોને દૂર કરે છે અને ઈષ્ટ સંપાદન કરે છે. લોકપ્રકાશ ગ્રંથમાં પૂ, ઉપાધ્યાયજી વિનયવિજયજી મહારાજાએ પણ ધરણેન્દ્રનો પ્રભાવ બતાવવા જણાવ્યુ છે.

''श्रीपार्श्वस्तोत्रमंत्राख्यास्मरणात्तुष्टमानसः
अद्यापि शमयन् कष्टमिष्टानि वितरत्यसौ।।''

શ્રી પાર્શ્વનાથ પ્રભુના સ્તોત્ર, મંત્ર તથા નામના સ્મરણથી તુષ્ટમનવાળા આ (ધરણેન્દ્ર) આજે પણ



કષ્ટોને શાંત કરે છે. તેમજ ઈષ્ટ પ્રાપ્તિ કરી આપે છે.

આપણે જાણીએ છીએ કે પૂ. ભદ્રબાહુસ્વામીએ ઉવસગ્ગહરંની ૬ ગાથા કરેલી, તેની છેલ્લી ગાથાના સ્મરણથી ધરણેન્દ્ર આવી દુઃખનું નિવારણ કરતા પછી વારંવાર સામાન્ય ક્ષુદ્ર કારણોએ પણ ધરણેન્દ્રને આવવુ પડતું હોવાથી તેની વિનંતીથી છેલ્લી ગાથા ભંડારી દેવામાં આવી, પણ પાંચ ગાથા યાદ કરનારને પણ ધરણેન્દ્ર પોતાના સ્થાને રહ્યા પણ સહાય કરે છે.

આમ દેવાધિદેવ અરિહંત પરમાત્માનો પ્રભાવ યશકીર્તિ નીચે અધોલોકમાં પણ પ્રસરેલ છે. વળી પાંચ મહાવિદેહક્ષેત્રમાં ચક્રવર્તિઓ, વાસુદેવો, બળદેવો, માંડલિક રાજાઓ, અમાત્યો, શ્રેષ્ઠીઓ, સાર્થવાહો તથા સામાન્યજનો પણ દેવાધિદેવના ગુણ ગાઈ રહ્યા છે. પાંચ ભરતક્ષેત્રમાં તથા પાંચ ઐરવતક્ષેત્રમાં પણ જીવો પ્રભુના ગુણ ગાય છે. મોટા મોટા વિદ્યાધરેન્દ્રો પણ અરિહંતને પૂજી રહ્યા છે. વ્યંતરનિકાય અને જ્યોતિષ-

ચક્ર પણ તિર્ચ્છાલોકમાં છે. ત્યાં પણ પરમાત્માનો અદ્‌ભુત મહિમા ગવાઈ રહ્યો છે. પરમાત્માના કલ્યાણક પ્રસંગોમાં પણ કરોડો અબજો કે અસંખ્યદેવો પ્રભુના ગુણ ગાતા-ગાતા કલ્યાણકોના સ્થાને આવે છે જન્મ-કલ્યાણક વખતે મેરુ પર્વત પર અન્ય કલ્યાણકો વખતે તે તે સ્થાને, એ સિવાય પણ નંદીશ્વર દ્વીપ વગેરેમાં પણ દેવો ઈન્દ્રો પરમાત્માની ભક્તિ કરે છે, ગુણગાન કરે છે. અસંખ્ય દ્વીપ સમુદ્રોમાં રહેલ મત્સ્યાદિ દેશવિરતિ અને સમ્યગ્દૃષ્ટિ તિર્યંચો પણ મુક્ત મને પ્રભુને સ્તવી રહ્યા છે.

આમ ત્રણ લોકમાં પ્રભુની કીર્તિ અત્યંત વ્યાપ્ત છે. વળી એ કીર્તિ પણ નિર્મળ છે. કોઈ રાજા ચક્રવર્તિ દેવેન્દ્ર જેવી કીર્તિ નથી પણ દેવાધિદેવ, વીતરાગ, પરાર્થવ્યસની, વિશ્વત્રયતારક, રાગવિજેતા, વિગતદ્વેષ, કરુણાનિધાન, ત્રિલોકબંધુ, ત્રિલોકપૂજ્ય વગેરે વિશિષ્ટ પ્રકારની નિર્મળ કીર્તિ પ્રભુની ચોતરફ પ્રસરેલી છે.

હવે પ્રભુના તપ તેજની વાત કરવી છે. સૂર્યનું



તેજ પૌદ્‌ગલિક છે છતાં ભૌતિક પદાર્થોમાં સૌથી વધુ તેજસ્વી સૂર્ય છે. તેથી તેની સાથે ઉપમા આપતા પૂ, ઉપાધ્યાયજી મ. કહે છે કે પ્રભુ ! ક્યાં સૂર્યનું તેજ, ક્યાં આપનું તેજ ? રવિથી માત્ર થોડું અધિક્તર નહીં, હજારો લાખો ઘણું તેજ આપના મુખારવિંદ પર છે અને એ તેજ પણ આપે જીવનમાં સાધેલ તપનું છે.

વીતરાગ સ્તોત્રમાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિજી જણાવે છે...

''यन्मूर्ध्नः पश्चिमे भागे जितमार्तण्डमण्डलम्।
मा भूद् वपुर्दूरालोकमितीवोत्पिण्डितं महः।।''

માર્તણ્ડ (સૂર્ય) ના મંડલને જીતનાર ભામંડલ આપના મસ્તકની પાછળ તેટલા માટે છે કે આપનું શરીર દુદર્શ્ય ન બની જાય...કહેવાનું તાત્પર્ય એ છે કે પરમાત્માના શરીરનું તેજ હજારો સૂર્યથી અધિક છે જેથી સામાન્ય જન એને જોઈ શકે તે માટે પરમાત્માના મસ્તકની પાછળ ભામંડલ રખાય છે તેમાં



जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

તેજને સંક્રાન્ત કરાય છે. જેથી સામાન્ય જન પ્રભુના રુપને જોઈ શકે છે. પ્રભુના રુપને જેમાં સંક્રાન્ત કરાયેલ છે તેવુ આ ભામંડલ સૂર્યના તેજને જીતી લેનારુ છે. તો પછી પ્રભુના તેજની વાત જ શું ?

હવે છેલ્લે ઉપસંહારમાં ઉપાધ્યાયજી મ. પોતાનુ ભગવાન આગળ નામ પ્રકટ કરી પ્રભુ પાસે આશીર્વાદ માંગે છે. વાચક નયવિજય ગુરુનો હું શિષ્ય છું, આપનો સેવક છું. પ્રભુ આપ મને બહુ નિવાજો ''મારા પર ખૂબ કૃપાની વૃષ્ટિ કરી મને પણ આપના ધ્યાનમાં લો અને એવી કૃપા વૃષ્ટિ વરસાવો કે જેથી મારો શીઘ્ર નિસ્તાર થઈ જાય અથવા બહુ નિવાજો એટલે બહુગુણોથી અલંકૃત કરી દો.

અહીં આમ ઉપાધ્યાયજી મ. પોતાનું સ્તવન પૂર્ણ કરે છે. આ સ્થળે ઉપાધ્યાયજી મ. નું વચન યાદ કરી આપણે પણ પરમાત્માને વિનંતી કરીએ. હું પણ નીચે મુજબ કરુ છું.



''પંન્યાસ પદ્મવિજય શિષ્ય સેવક હું આપનો,
હેમ કહે અબ મોહે બહુ નિવાજો''

પં. પદ્મવિજય ગણિવર જેવા મહાન ગુરુનો શિષ્ય આપનો સેવક હેમ પણ કહે છે પ્રભુ મને બહુ નિવાજો-બહુ ગુણોથી અલંકૃત કરો.

અહીં આ રીતે ''ઋષભ જિનરાજ મુજ આજ દિન અતિ ભલો'' સ્તવનનું વિવેચન ગુરુકૃપાથી યથામતિ કરેલ છે. ક્યાં દેવાધિદેવની ઉત્કૃષ્ટ વિશેષતાઓ ! ક્યાં તેને રજૂ કરનાર ન્યાયમાર્તણ્ડ ઉપાધ્યાયજી મહારાજના વચનો ! અને ક્યાં દરિદ્રબુદ્ધિ એવો હું ? છતાં મારા ક્ષયોપશમ મુજબ મને જે અર્થો સ્ફૂર્યા તે મેં લખ્યા છે, તેથી આમાં કંઈ પણ ક્ષતિ આવી હોય તો સજ્જનો તે સુધારે અને મને માફ કરે. દેવાધિદેવની સાક્ષીએ પણ છદ્મસ્થપણાના કારણે કે મતિમંદતાથી કંઈ પણ જિનવચનથી વિપરીત લખાયુ હોય તો તેની ક્ષમા યાચુ છું.

રસથાળ ટાઈટલ-૪

# ❈ અર્પણ ❈

સાધ્વીજી **શ્રી દિવ્યશાશ્રીજી** મ.સા.ના
૩૪ વર્ષના સંયમજીવનની અનુમોદનાર્થે
પ્રસ્તુત ચિન્તન રસથાળ તેઓને
અર્પણ કરાય છે.

રસથાળ ટાઈટલ-૨

# • અનુપમ સહયોગ •

**શ્રાદ્ધવર્યા સ્વ. મૂળીબેન અંબાલાલ પરિવાર**

❈

હ. તારાબેન તારાચંદભાઈ
પુષ્પાબેન બંસીલાલ
રસીલાબેન ધરણેન્દ્રભાઈ
રમાબેન પુંડરિકભાઈ આદિ.

❈

• પ્રેરક •

પ્રવર્તિનીશ્રી **વસંતપ્રભાશ્રીજી** મ.સા.
સાધ્વીજીશ્રી **સ્વયંપ્રભાશ્રીજી** મ.સા.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

રસથાળ ટાઈટલ-૩

# 卐 ઉપકારી !!! 卐

## ઉપકાર તમારો કદી ય ન વિસરે

પ.પૂ.સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ
શ્રીમદ્વિજય **પ્રેમસૂરીશ્વરજી** મ.સા.

•

પ.પૂ. ન્યાયવિશારદ આચાર્યદેવ
શ્રીમદ્વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મ.સા.

•

પ.પૂ. સમતાસાગર પંન્યાસ પ્રવર
શ્રી **પદ્મવિજયજી** ગણિવર્ય

•

પ.પૂ. વર્તમાન ગચ્છાધિપતિ સિદ્ધાન્તદિવાકર
આચાર્યદેવ શ્રીમદ્વિજય **જયઘોષસૂરીશ્વરજી** મ.સા.

ઋષભ જિનરાજ ટાઈટલ-૩

## શત શત વંદન
## અમ કુળ દીપક

વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ
શ્રીમદ્વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી** મ.સા.

卐

પ્રવર્તિનીશ્રી **વસંતપ્રભાશ્રીજી** મ.સા.

સાધ્વીજીશ્રી **સ્વયંપ્રભાશ્રીજી** મ.સા.

સાધ્વીજીશ્રી **દિવ્યયશાશ્રીજી** મ.સા.

卐

ઋષભ જિનરાજ ટાઈટલ-૨

## 卐 ઉપકારી !!! 卐

## ઉપકાર તમારો કદી ય ન વિસરે

પ.પૂ.સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ
શ્રીમદ્વિજય **પ્રેમસૂરીશ્વરજી** મ.સા.

•

પ.પૂ. ન્યાયવિશારદ આચાર્યદેવ
શ્રીમદ્વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મ.સા.

•

પ.પૂ. સમતાસાગર પંન્યાસ પ્રવર
શ્રી **પદ્મવિજયજી** ગણિવર્ય

•

પ.પૂ. વર્તમાન ગચ્છાધિપતિ સિદ્ધાન્તદિવાકર
આચાર્યદેવ શ્રીમદ્વિજય **જયઘોષસૂરીશ્વરજી** મ.સા.

ઋષભ જિનરાજ ટાઈટલ-૪

જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

## જ્ઞાનદીપકનું પ્રાગટ્ય

પં.પૂ. પન્યાસપ્રવરશ્રી

**કલ્યાણબોધિ વિજયજી**

ગણિવર્યની

શુભ પ્રેરણાથી તેઓશ્રીના સંસારી માતૃશ્રી

**પદ્માબેન પી. ભેમાણી**
**જતીન-મિતેશ-દિપા પરિવાર**
(રાધનપુર - હાલ કાંદીવલી)

તરફથી પ્રસ્તુત જ્ઞાન અને ભક્તિસભર
**"ઋષભ જિનરાજ મુજ આજ દિન અતિ ભલો"**
નામક આ "સ્વાધ્યાય દીપક" ને
દ્રવ્યના સદ્વ્યય દ્વારા પ્રજ્જવલિત
કરવામાં આવેલ છે.

*ધન્યવાદ ! અનુમોદના... !*